જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૨૭-૦૪-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૨૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

વડાપ્રધાન મોદીએ વિજય મૂહૂર્તમાં વારાણસી બેઠક પરથી ઉમેદવારી ફોર્મ ભર્યું

મોદીનો હૂંકાર: બનારસ જીતી લીધુ,હવે પોલિંગ બૂથ જીતવાના બાકી

હું ગંદી વસ્તુઓનું ખાતર બનાવું છું અને તેમાં કમળ ઉગાડુ છુ,લોકતંત્ર જીતે એમાં મને રસ છે,ચૂંટણી હુ કાલે જ જીતી ગયો,હું પણ બુથનો કાર્યકર રહ્યો છું, મને પણ દિવાલ પર પોસ્ટર ચોંડાટવાનું સૌભાગ્ય મળ્યું

વારાણસી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસી લોકસભા બેઠક પરથી પોતાનું ઉમેદવારી પત્ર ભરી દીધું છે. શુક્રવારે વિજય મુહૂર્તમાં મોદીએ પોતાનું ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ સાથે જ પીએમ મોદીની સાથે ચાર પ્રસ્તાવક ઉપસ્થિત રહ્યા. ચાર પ્રસ્તાવકોમાં વારાણસીમાં અગ્નિ સંસ્કાર કરનારાઓના પ્રમુખ જગદીશ ચૌધરી, મદન મોહન માલવિયાના માનેલાદિકરી અન્નપૂર્ણા શુક્લાનો સમાવેશ થતો હતો. પીએમ મોદી ઉમેદવારી પત્ર ભરતા પહેલા તેમને પગે લાગ્યા હતા. આ સિવાય કૃષિ વૈજ્ઞાનિક રામશંકર પટેલ અને સંઘ કાર્યકર્તા સુભાષ ગુપ્તા સામેલ રહ્યા.

આ અગાઉ સવારે તેમણે વારાણસીના દ્વારપાળ એવા કાલ ભૈરવના મંદિરમાં જઈ પૂજા કરી હતી. વડાપ્રધાને ઉમેદવારી પત્ર ભરતા અગાઉ એનડીએનું શક્તિપ્રદર્શન કર્યું હતું. પીએમ મોદીએ ઉમેદવારી નોંધાવતા અગાઉ બૂથ કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો.

હું પણ બૂથ કાર્યકર રહી ચૂક્યો છું. મને પણ દીવાલો પર પોસ્ટર ચિપકાવવાની તક મળી હતી. તેમણે કહ્યું કે હું ગંદામાં ગંદા કચરામાંથી ખાતર બનાવું છું અને તેનાથી જ કમળ ખિલવું છું. તેમણે કહ્યું કે ગઈ કાલે જે દ્રશ્ય હું જોઈ રહ્યો હતો તેમાં મને તમારા પરિશ્રમ અને પરસેવાની મહેંક આવી રહી હતી. દેશભરના કાર્યકરોની મહેનત છે કે આજે કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી કાશી ઘાટથી પોરબંદર સુધી ઉત્સાહનો માહોલ છે. પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં આટલી ચૂંટણી થઈ પરંતુ આ ચૂંટણી બાદ પોલિટિકલ પંડિતેઓ માથાપચ્ચી કરવી પડશે. કારણ કે આઝાદી બાદ પહેલીવાર પ્રો ઈંકમ્બન્સી લહેર જોવા મળી રહી છે. હું ચૂંટણી તો ગઈ કાલે જ જીતી ગયો, હવે તો પોલિંગ બુથ જીતવાના છે.



પીએમ મોદીએ કહ્યું કે દેશના લોકો જ કહી રહ્યાં છે કે ફરી એકવાર મોદી સરકાર. આ વખતે જનતા ચૂંટણી લડી રહી છે. જનતા ૫ વર્ષના અનુભવના આધારે અનેક આશા, આકાંક્ષા લઈને આપણી સાથે જોડાઈ ગઈ છે. જનતાએ સમગ્ર દેશનું રાજનીતિક ચરિત્ર બદલી નાખ્યું છે. બૂથ કાર્યકરોને પ્રોત્સાહિત કરતા તેમણે એમ પણ કહ્યું કે એક કામ જે હું ન કરી શક્યો તે તમે કરી શકો તેમ છે.

પીએમ મોદીએ કહ્યું કે આ વખતે ચૂંટણીમાં આપણે કેટલાક રેકોર્ડ પણ તોડવાના છે. હું ઈચ્છું છું કે લોકતંત્ર જીતવું જોઈએ. અત્યાર સુધી બનારસ, ઉત્તર પ્રદેશમાં જેટલું પણ પોલિંગ થયું છે તેનાથી વધુ વોટિંગ થાય તે રેકોર્ડ તોડવાનો છે. દુનિયાને બતાવવાનું છે કે મતદાનના તમામ રેકોર્ડ આપણે તોડી નાખીશું. મારી એક ઈચ્છા છે જે ગુજરાતમાં પણ હું પૂરી કરી શક્યો નહીં. શું બનારસવાળા તે ઈચ્છા પૂરી કરશે? હું ઈચ્છું છું કે પુરુષોની સરખામણીમાં મહિલાઓનું મતદાન પટકા વધુ થવું જોઈએ. આપણે બધા કાર્યકરો માત્ર છીએ. ચૂંટણી તો જનતા લડી રહી છે. તેમણે કહ્યું કે એક એક મત ખુબ મહત્વપૂર્ણ છે. પીએમ મોદીએ કહ્યું કે હું અમદાવાદી છું. પાક્કો અમદાવાદી, અમદાવાદીઓ સિંગલ ફેર દબલ જર્નીમાં માને છે. ઓછામાં ઓછા ખર્ચે ચૂંટણી લડી શકાય છે. તમારા પોલિંગ બૂથ પર જો ૧૦૦૦ મત હોય તો તેનો અર્થ એ થયો કે ૨૫૦ પરિવાર છે. માની લો કે બૂથ પર ૨૫ કાર્યકર છે. એક કાર્યકરને ૧૦ પરિવાર પર લગાવો. તે કાર્યકરને જણાવી દો કે તમારી ચા, ખાવાનો ખર્ચો બંધ. તમે તે ૧૦ પરિવારોમાં જાઓ અને ખાવાનું, ચા, ટીવી બધુ ત્યાં જ કરો. પીએમ મોદીએ કાર્યકરોને કહ્યું કે કોઈ મોદીને ગમે તેટલી અભદ્ર ગાળ આપે તેની ચિંતા ન કરો. તમે એ ગાળો મોદીના ખાતામાં પોસ્ટ કરી દો. હું ગંદામાં ગંદી વસ્તુમાંથી ખાતર બનાવી નાખુ છું. હું તે ખાતરમાંથી કમળ ખીલવું છું. આપણે દિલ જીતવા માટે નીકળ્યા છીએ, પક્ષ આપોઆપ જીતી જશે.

સેલ્સ ઓફિસર જોઇએ છે MARKET 4U™



MARKET 4Uકંપનીને
ગુજરાતના તમામ શહેરો માટે અનુભવી
સેલ્સ ઓફિસર જોઇએ છે.
કોમ્પ્યુટર જ્ઞાન તેમજ વાહન હોવું જરૂરી.
પગાર અનુભવ અને લાયકાત મુજબ
Mo. 75750 06847
Email : market4u19@gmail.com

શ્રીલંકા બ્લાસ્ટમાં ૩૫૯ નહીં ૨૫૩ લોકોના મોત થયા

શ્રીલંકા આત્મઘાતી હુમલો: રક્ષા સચિવ હેમાસીરી ફર્નાન્ડોએ રાજીનામું આપ્યુ

પોલીસે ફિદાયીન હુમલામાં સામેલ ૪ સંદિગ્ધોની તસ્વીર જાહેર કરી જેમાં બે મહિલાઓનો સમાવેશ,૩૯ દેશોના યાત્રીઓ માટે વિઝા ઓન અરાઈવિંગ આપવાની સુવિધાને બંધ કરી

કોલંબો

શ્રીલંકા સરકારે અહીં ૨૧ એપ્રિલના રોજ થયેલા સીરિયલ બ્લાસ્ટમાં માર્યા ગયેલા લોકોના આંકડા ઘટાડી દીધા છે. તેઓનું કહેવું છે કે, હુમલામાં ૨૫૩ લોકોનાં મોત થયા છે, અગાઉ ૩૫૯ લોકોનાં મોતના સમાચાર હતા. શ્રીલંકા પોલીસે આ ફિદાયીન હુમલામાં સામેલ ૪ સંદિગ્ધોની તસવીરો જાહેર કરી છે, જેમાં બે મહિલાઓ છે. બીજી તરફ, ગુરૂવારે અહીં ૩૯ દેશોના યાત્રીઓ માટે વિઝા ઓન અરાઈવિંગ આપવાની સુવિધાને બંધ કરી દીધી છે.

આ હુમલા બાદ રક્ષા સચિવ હેમાસીરી ફર્નાન્ડોએ ગુરૂવારે પોતાના પદેથી રાજીનામુ આપી દીધું. પ્રેસિડન્ટ મૈત્રીપાલા સિરિસેનાએ દેશના પોલીસ પ્રમુખ પી. જયસુંદર અને રક્ષા એચ. ફર્નાન્ડને બુધવારે જ રાજીનામું આપવાનું કહ્યું હતું. પ્રેસિડન્ટે એમ પણ કહ્યું કે, આગામી અઠવાડિયે પોલીસ અને સુરક્ષાબળોનું નવેસરથી પુનર્ગઠન કરવામાં આવશે. શ્રીલંકાના વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ કહ્યું કે, આતંકવાદી ફરીથી હુમલા શરૂ કરી શકે છે. હાલ શ્રીલંકામાં અનેક સંદિગ્ધ મોજૂદ છે અને તેમની પાસે વિસ્ફોટક હોઇ શકે છે. પોલીસે જે સંદિગ્ધોની તસવીરો જાહેર કરી છે તેમના નામ મોહમ્મદ સાદિક અબ્દુલ હક, મોહમ્મદ કાસિમ મોહમ્મદ રિલવાન, પુલાસ્થિની રાજેન્દ્ર ઉર્ફે સારાહ અને ફાતિમા લતીફ છે. પોલીસે અન્ય એક મહિલા સંદિગ્ધની તસવીર અબ્દુલ કાદર ફાતિમાના નામથી જાહેર કરી છે. જો કે, બાદમાં જાણકારી મળી કે, તેઓ સામાજિક કાર્યકર્તા અમારા મજીદ છે ત્યારબાદ પોલીસે માફી માંગી લીધી. હુમલા બાદ દેશમાં ૩૯ દેશો માટે અરાઈવલ વિઝા આપવાની સુવિધા થોડાં દિવસો માટે રદ કરવામાં આવી છે. વિદેશ મંત્રી અમારાતુંગાએ કહ્યું કે, અરાઈવલ વિઝા આપવાની તમામ વ્યવસ્થા કરી લેવામાં આવી હતી, પરંતુ હવે અમે નિર્ણય લીધો છે કે, હાલની સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને થોડાં સમય માટે તેને અટકાવી દેવામાં આવે.



BULK WATSAAP
Marketed by MARKET4U - 7575006846-47

પાલ વિસ્તારનો એક અને માત્ર એક વિશ્વસનીય શોરૂમ

radhe furnishing

સોફા અને પડદાનાં કાપડ પર ૨૦% થી 30% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

- સોફાનું કાપડ - યુ ફોમ / મેટ્રેસીસ - પીવીસી ફ્લોરીંગ - રોલર / રોમન - ગ્લાસ ફીલ્મ, વુડ ફીલ્મ
- પડદાનું કાપડ - સોફા - વુડન ફ્લોરીંગ - વુડન બ્લાઈન્ડ્સ - આર્ટીફીશીયલ ગ્રાસ - મચ્છરજાળી
- વોલપેપર - વુડન ફ્લોરીંગ - ગ્રેફા બ્લાઈન્ડ્સ - બેડશીટ - સોફા ડ્રાયક્લીન



વોલપેપર અને મેટ્રેસની વિશાળ રેન્જ ઉપલબ્ધ

refresh | DECOR HOME | BAJAJ FINSERV 0% PROCESSIG CHARGE 0% INTEREST

દરેક પ્રકારના ક્વોલિટી બેઝ સોફા બનાવવાના સ્પેશ્યાલીસ્ટ

• કસ્ટમાઈઝ વોલપેપર • કસ્ટમાઈઝ 3D ફ્લોરીંગ • કસ્ટમાઈઝ સીલીંગ • કસ્ટમાઈઝ સ્ટેઈર
• કસ્ટમાઈઝ રોલર બ્લાઈન્ડ • કસ્ટમાઈઝ ગ્રેટેઈન • કસ્ટમાઈઝ ગ્લાસ અને ડોર • કેનવાસ પર ડીજીટલ પ્રિન્ટ



''રાજ વિક્ટોરીયા'' પહેલો માળ, દુકાન નં. ૧૨૪, ટીજીબી હોટલની ગલીમાં પાલગામ સર્કલની સામે, પાલ.
Mo. 98987 18873 / 97734 32817 E-mail : radhefurnishing.surat@gmail.com

BULK WATSAAP Marketed by MARKET4U - 7575006846-47

જોઇએ છે
માર્કેટિંગ એક્ઝિક્યુટીવ

જંગ-એ-ગુજરાત
અખબારના વેબ પોર્ટલ
www.jungegujarat.in
માટે ગુજરાતના તમામ સ્થળો
કમિશનથી જાહેરાત લાવી શકે તેવા
વ્યક્તિઓની તાત્કાલિક નિમણૂંક
કરવાની હોય સંપર્ક કરો.

7574888861

બ્રોકરો માટે જંગ એ ગુજરાત ની ખાસ ઓફર

જમીન, મકાન, દુકાન, ફ્લેટ, ઓપન લેન્ડ, ઇન્ડસ્ટ્રીલ પ્લોટ, શેડ, રોહાઉસ, બંગલા ભાડે વેચાણ આપનાર તથા લેનાર માટે ખાસ ઓફર

અમારા કરતા સસ્તી અને સરળ ઓફર બીજે ક્યાંય નહી

સંપર્ક
મયંક અગ્રવાલ - ૭૫૭૫૦૦૬૮૪૬ (સુરત)
ધનંજય ઝવેરી - ૭૫૭૫૦૦૬૮૪૭

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને
ક્યાં છે તે જાણવા
GPS ટ્રેકિંગ
સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ. તો રાહ કોની જુઓ છો ? કરો એક ફોલ અને જાણો વિગત

GPS Market



RV-04
- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 161, SHIV OM NAGAR, MERU LAXMI TEMPLE ROAD, TADWADI, RANDER, SURAT. MO. : 7575006850

માળિયા નજીક બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત : છના મોત



બન્ને કાર બુકડો બોલી ગઈ : બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ : મૃતદેહને પીએમ અર્થે માળિયા ખસેડવામાં આવ્યા

માળિયા : માળિયાના માણાબા પાટિયા પાસે આજે સાંજના સુમારે બે કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ ભયાનક અકસ્માતમાં ૪ પુરુષ અને ૧ મહિલા મળીને કુલ ૫ વ્યક્તિના મોત નિપજયા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ માળિયા નજીક આવેલા માણાબાના પાટિયા પાસે આજે સાંજના સમયે બે કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો છે. જેમાં અમદાવાદ તરફ જતી જીજે ૦૯ બીબી ૫૨૮૨ નંબરની સેવરોલેટ કાર સાથે રોડ ઉપર રોંગ સાઈડમાં આવતી જીજે ૦૧ કેએલ ૧૧૨૯ નંબરની આઈ ૨૦ કાર ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં બન્ને કારનો બુકડો બોલી ગયો હતો . કારમાં સવાર ૪ પુરુષ અને ૧ મહિલા મળીને કુલ ૫ વ્યક્તિઓના ઘટના સ્થળે જ મોત નિપજયા હતા. અન્ય બે મહિલાઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માતની જાણ થતા પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ઈજાગ્રસ્ત બે મહિલાઓને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જયારે પાંચેય મૃતકોના મૃતદેહને માળિયા ખાતે પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત પોલીસને મૃતક વ્યક્તિઓ અમદાવાદ બાજુના હોવાની પ્રાથમિક માહિતી મળી છે. હાલ પોલીસ દ્વારા વધુ વિગત મેળવવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

મુતક નામ : હરિભાઈ દેવજીભાઈ પટેલ, નરશીભાઈ હનસરાજભાઈ પટેલ, નર્મદાબેન નરશીભાઈ પટેલ, દેવકીબેન નારણભાઈ પટેલ રહે ખેડબ્રહ્મા, સર્વિન ભાઈ કિરીટભાઈ શાહ ગાંધીનગર, ચિરાગભાઈ કિરીટભાઈ શાહ

વિમળા બેન હરિભાઈ પટેલ જીવિત

હળવદમાં અંગ દઝાડતા તાપ વચ્ચે ગરમી બોકાસો બોલાવી રહી છે

હળવદ રણકાંઠા વિસ્તારમાં ૪૩ડિગ્રી ગરમીનો પારો વટાવતા અગરિયાઓની હાલત કફોડી

લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. બપોરના સમયે રાજમાર્ગો સુમસામ ભાંસી જાય છે. હજુ આગામી દિવસોમાં પણ ગરમીથી રાહત મળવાની નથી. ગરમીથી બચવાના ઉપાયો શોધી લેજો. આ વખતે ગરમી તોડશે ૧૮ વર્ષનો રેકોર્ડ લોકો ગરમીથી ત્રાહિમામ પોકરી ઉઠ્યા છે. હવામાન વિભાગ જણાવે છે કે ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર જશે બપોરે ૧ થી ૫ કામ વિના બારે ન જવું ગરમીથી બચવા માટે ના કોઈ પણ ઉપાય શોધી લેજો હવામાન ખાતાના સૂત્રો જણાવે છે કે આજથી બે ત્રણ દિવસમાં ગરમીનો પારો ૪૪ ડીગ્રીએ પહોંચી જશે અને સપ્તાહના પ્રારંભે તો ગરમી બોકાસો બોલાવશે. ઉષ્ણતામાન ૪૫ ડિગ્રીને પાર કરી જશે. હાલમાં મહત્તમ નોર્મલ તાપમાન૪૦ડિગ્રી ગણાય. જેથી નોર્મલથી પાંચ ડિગ્રી તાપમાન ઉંચુ જાય તો હિટવેવ કહેવાય. હવામાન ખાતુ કહે છે કે આ વખતે રેકોર્ડ બ્રેક ગરમી પડશે. ગરમીના જૂના રેકોર્ડ તૂટશે. જયારે બંગાળની ખાડીમાં પ્રિમોન્શુનની તૈયારીઓ શરૂ થવા લાગી છે. ૩ મે આસપાસ એક સિસ્ટમ બની રહી છે.

ભાજપના વોટ્સએપ ગ્રુપમાં બીભત્સ વીડિયો મૂકાતા હાહાકાર મચ્યો

કચ્છ

કચ્છમાં ભાજપના એક મંત્રીની કથિત ઓડિયો ક્લિપનો વિવાદ સમ્યો નથી ત્યારે અંજાર ભાજપના નગરસેવકોના જૂથમાં એક બીભત્સ વીડિયો ક્લિપ મૂકી દેવાતા ખળભળાટ મચી ગયો છે. ભાજપના કાર્યકરો આ વીડિયો ક્લિપ ગ્રુપમાં મૂકી દીધી હતી. ઉહાપોહ થતા ક્લિપ મૂકનાર સભ્યને ગ્રુપમાંથી કાઢી મૂકવામાં આવ્યો છે.

જે ગ્રુપમાં આ ક્લિપ મૂકવામાં આવી હતી તેમાં ભાજપની મહિલા કાર્યકરોની પણ હાજરી હતી. વીડિયો ક્લિપ મૂકાયા બાદ એવી ચર્ચા થઈ રહી છે કે ભાજપ એક તરફ મહિલા સન્માનની વાતો કરી રહ્યું છે અને બીજી તરફ મહિલાઓ જે ગ્રુપમાં હોય તેમાં બીભત્સ ક્લિપો મૂકી દેવામાં આવે છે. અંજાર ભાજપના નગરસેવકોના ગ્રુપમાં આ ક્લિપ મૂકી દેનાર સભ્યને તાત્કાલિક ગ્રુપમાંથી હટાવી દેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ કચ્છ ભાજપના એક મોટા નેતાની ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. આ ક્લિપમાં તેઓ એક મહિલા સાથે બીભત્સ વાતો કરી રહ્યા છે. વાયરલ થયેલી ઓડિયો ક્લિપમાં કથિત રીતે રાજ્યકક્ષાના મંત્રીનો અવાજ હોવાનું સામે આવ્યું છે. ઓડિયો ક્લિપમાં મંત્રી ખરાબ ભાષામાં વાતચીત કરી રહ્યા છે. આ ઉપરાંત વાયરલ થયેલી ક્લિપમાં મંત્રીની બે કથિત સ્ત્રી મિત્ર પણ એકબીજા સાથે ઝઘડો કરી રહી છે.

રાણપુરની જન્મભુમિ હાઈસ્કુલના સિનિયર ક્લાર્કનો વયમર્યાદા પુરી થતા વિદાય સમારંભ યોજાયો



વિદાય સમારંભ માં સંસ્થાના ટ્રસ્ટીઓ સહીત તમામ સમાજના લોકો હાજર રહી હરિભાઈ ને વિદાય આપવામાં આવી

બોટાદ જીલ્લાના રાણપુરમાં આવેલી જન્મભુમિ હાઈસ્કુલ ખાતે સિનિયર ક્લાર્ક તરીકે ની ફરજ બજાવતા હરિભાઈ વાઘેલા ની વયમર્યાદા પુર્ણ થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.હરિભાઈ વાઘેલા એક સારા એવા મંજીરા વગાડે છે ભજન અને લોક ડાયરા માં તેવો પોતાની આગવી શૈલી થી મંજીરા વગાડી ને ભજન ની દુનીયા માં સારીએવી નામના મેળવી છે.એટલે જ તેમને લોકો મંજીરાના માણીગર તરીકે ઓળખે છે.રાણપુર ની જન્મભુમિ હાઈસ્કુલ માં તેવો વર્ષોથી નિષ્ઠા પુર્વક સેવા આપી રહ્યા હતા.સેવાભાવી સ્વભાવ અને ભજન પ્રેમી તરીકે પણ નામના ધરાવે છે તેથી જ રાણપુર ના લોકો હરિભાઈ ને ભગત કહીને બોલાવે છે.તેમના વિદાય સમારંભ પ્રસંગે રાણપુર સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટના સભ્ય નરેન્દ્રભાઈ દવે અને પ્રકાસભાઈ સોની દ્વારા હરિભાઈ વાઘેલા નું વિશિષ્ટ રીતે સન્માન કરવામાં આવ્યુ હતુ.આ પ્રસંગે સામાજીક આગેવાન હરિરામબાપુ દેશાણી,જન્મભુમિ હાઈસ્કુલ ના પુર્વ આચાર્ય એમ.જે.દવે,કોકીલાબેન ડાભી તથા સ્ટાફના તમામ કર્મચારીઓ તથા વાલ્મીકી સમાજ,દલીત સમાજ સહીત દરેક સમાજના લોકો હાજર રહીને હરિભાઈ વાઘેલા નુ સન્માન કરી તેમને વિદાય આપવામાં આવી હતી.આ સમયે સંતવાણી-ભજન નો પ્રોગ્રામ કરવામાં આવ્યો હતો જેમાં ભજનીક કલાકારો નરેશભાઈ વાઘેલા,બચુભા પરમાર, દાદભા પરમાર, ગંભુભાઈ બારોટ, ભરતભાઈ તલસાણીયા દ્વારા ભજન ગાઈ ને હરિભાઈ ને વિદાઈ અપાઈ હતી..

તસ્કરોનો તરખાટ: પોસ્ટઓફિસમાં ૪૨ હજારનો હાથફેરો કરી ડીવીઆર પણ ચોરતા ગયા

રાજકોટ

તસ્કરોએ યુનિવર્સિટી રોડ પ્રેમ મંદિર પાછળ આવેલી સૌરાષ્ટ્રી યુનિવર્સિટી એરિયાની બ્રાંચ પોસ્ટમ ઓફિસમાં ત્રાટકી સ્ટ્રોંગ રૂમની તિજોરી ગેસ કટરથી કાપી ૪૨ હજાર રોકડની ચોરી કરી હતી. આ અંગે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તસ્કરોએ ડીવીઆર પણ ચોરી ગયા છે.

સાંજે સાડા સાતેક વાગ્યેસ પોસ્ટન ઓફિસ બંધ કરવામાં આવી હતી. સવારે પોસ્ટધમેન આવ્યામ ત્યા રે દરવાજાના નકુચા તાળા તૂટેલા જોવા મળ્યાપ હતાં. અંદર તપાસ કરતાં ચોરી થયાનું જણાતાં તેણે બ્રાંચ મેનેજર જયસુખભાઈ પરષોત્તમભાઈ વસોયાને જાણ કરતાં તેઓ દોડી આવ્યાવ હતા અને તપાસ કરતાં તસ્કજરો સ્ટ્રોંગ રૂમની તિજોરી ગેસ કટરથી કાપીને રૂા. ૪૨,૭૯૧ની રોકડ ચોરી ગયાનુ જાણવા મળ્યું છે.પોલીસ તપાસમાં ખુલ્યાષ મુજબ તસ્કરરોએ પહેલા પોસ્ટે ઓફિસની બહારના ભાગના સીસીટીવી કેમેરા ઉંધા કરી નાંખ્યુ હતાં. એ પછી અંદર જતાં જ અંદરના સીસીટીવીના કેબલો કાપી નાંખ્યી હતાં. ત્યા રબાદ ગેસ કટરનો ઉપયોગ કરી સ્ટ્રોંગ રૂમની તિજોરી કાપી નાંખી હતી અને અંદરથી રોકડ ચોરી લીધી હતી. જતા-જતા તસ્કગરો સીસીટીવીનું ડીવીઆર તેમજ કોમ્પ્યુપી ટર નેટ કનેક્શદનનું રાઉટર પણ લેતાં ગયા હતાં.

મુખ્યમંત્રી રૂપાણી ચૂંટણી પ્રચાર માટે આજે મહારાષ્ટ્ર પ્રવાસે, આવતીકાલે મધ્યપ્રદેશમાં

ગાંધીનગર

મુખ્યપ્રધાન વિજય રૂપાણી હવે અન્ય રાજ્યમાં ભારતીય જનતા પક્ષના પ્રચાર માટે જઈ રહ્યાં છે. ગુજરાતમાં ૨૩ એપ્રિલે મતદાન પૂર્ણ થયા પછી હવે મુખ્યપ્રધાન અન્ય રાજ્યોમાં પ્રચાર માટે જઈ રહ્યા છે. સીએમ રુપાણી શનિવારે ૨૭ એપ્રિલે મહારાષ્ટ્રના મુંબઈમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારના સમર્થનમાં અને ૨૮ એપ્રિલે મધ્યપ્રદેશના સાગરમાં પ્રચારકાર્યનું નેતૃત્વ કરશે. સીએમ રૂપાણી આજે શનિવારે સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦ સુધી મુંબઈ મહાનગરના ઘાટકોપર ઈસ્ટ વિધાનસભા મતક્ષેત્રમાં રોડ-શૉ યોજશે. મુંબઈ ઉત્તરપૂર્વ લોકસભા બેઠક માટેના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારની મનોજ કોટકના સમર્થનમાં એ રોડ શૉ કરશે. એ પછી ભાનુશાળી વાડી, તિલકરોડ, ઘાટકોપરમાં જનસભાને સંબોધન કરશે. બીજા દિવસે વિજયભાઈ ૨૮ એપ્રિલે મધ્યપ્રદેશ જશે અને સાગર લોકસભા સંસદીય ક્ષેત્રના ઉમેદવાર રાજબહાદૂર સિંહના સમર્થનમાં પ્રચાર કાર્યમાં જોડાશે. વિજયભાઇ રવિવારે સવારે ૧૦ વાગે રવીન્દ્રભવન સાગર (મધ્યપ્રદેશ)માં યોજાનારા પ્રબુદ્ધ વર્ગ સંમેલનમાં પણ સંબોધન કરશે.

'ન્યૂઝ પેપરનો રિપોર્ટર છું' કહી પોલીસ પર રોફ જમાવતા શખ્સની અટકાયત

પાલનપુર

દાંતામાં નકલી પત્રકાર બની વાહન પર પ્રેસ લખી પોલીસ પરજ રોફ જમાવતા દાંતા પોલીસે વાહન ચલાવનાર શખ્સની અટકાયત કરી વાહન ઝપ્ત કરી દીધું હતું. દિલ્હીનું કાઈમ પ્રેસ કાર્ડ મેળવી ×હું હિન્દી ન્યુઝ પેપરનો રિપોર્ટર છું સારી રીતે નોકરી નહિ કરવા દઉં × તેમ કહેવું યુવકને ભારી પડી ગયું હતું.

દાંતામાં આવેલા ટાઉન પીકઅપ સ્ટેન્ડ રોડ પર પોલીસકર્મીઓ વાહન ચેકિંગ કરી રહ્યા હતા ત્યારે મારુતિ ઈકો વાન પૂરઝડપે જતા તેને દાંતા પોલીસે રોકી પૂછપરછ કરી હતી. જોકે ગાડીમાં બેઠેલા શખ્સ ગાડીમાંથી નીચે ઉતરી ×મારી ગાડી શા માટે રોકાવો છો? મને કેમ હેરાન કરો છો? હું તમને મારી ગાડીના કાગળો બતાવવાનો નથી. તમારાથી જે થાય એ કરી લેજો.

હું દિલ્હી કાઈમ અને ભ્રષ્ટાચાર વિરોધી મોરચા પ્રેસ નેશનલ હિન્દી ન્યૂઝ પેપરનો રીપોર્ટર છું . તમે મારી ગાડી કેમ રોકાવી? હું તમને સારી રીતે નોકરી નહીં કરવા દઉ. તમને જોઈ લઈશ.× તેમ કહી પોલીસ સાથે ખરાબ વર્તન કર્યું હતું. જેથી દાંતા પોલીસકર્મીઓએ ત્વરીત ગાડીની તલાશી લીધી હતી. અને ત્રણ લાખની ઈકોગાડી તેમજ પાંચ હજારનો મોબાઈલ અને આઈ કાર્ડ જપ્ત કરી પોલીસને એલફેલ બોલનાર હરેશ ગલબાજી ઠાકરડા (રહે. અભાપુરા તા.દાંતા)ને ઝડપી લઈ પોલીસ મથકે લાવી વિધિવત ગુનો દાખલ કર્યો હતો. આ અંગેની વિગતો આપતા દાંતા પોલીસ મથકના સૂત્રોએ જણાવ્યું હતું કે × યુવક વિરુદ્ધ પૂર ઝડપે ગાડી હંકારવાનો, સરકારી કામમાં રુકાવટનો તેમજ ગાડીના કાગળિયા સાથે ન રાખવાનો ગુનો આચરતાં આ કાર્યવાહી કરાઇ છે. ×

ભર ઉનાળે પાણી માટે વલખા, રોષે ભરાયેલા લોકોએ કર્યો ચક્કાજામ

ભાવનગર

ઉત્તર પશ્ચિમ તરફથી આવતા ગરમ પવનને લીધે રાજ્યભરમાં હવે ગરમીના આકરા દિવસોની શરૂઆત થઈ ગયા છે. તો બીજી બાજુ હવામાન વિભાગે પણ ગરમીનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચવાની આગાહી કરી છે. ત્યારે ભાવનગરના વલભીપુરમાં મહિલા સહિત લોકોએ પીવાનું પાણી ન મળતા રોષે ભરાયેલા લોકોએ ભાવનગર-અમદાવાદ રોડ પર ચક્કાજામ કર્યો છે.

ભાવનગરના વલભીપુરના પાટણા ગામે ભર ઉનાળે ગરમીમાં પાણી માટે લોકોને વલખા મારવા પડી રહ્યાં છે. તંત્ર દ્વારા ગ્રામવાસીઓને પાણી પૂરૂ ન પાડવામાં આવતા રોષે ભરાયા છે. ગામમાં ૧૫થી ૨૦ દિવસે પીવાનું પાણી મળે છે. જેના કારણે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિતના ગ્રામજનો જળએ જ જીવન, અમને પાણી આપો, પાણી વિના જીવન કેમ ચાલશે જેવા પોસ્ટરો લઈને રસ્તા પર ઉતરી આવ્યા છે.

પાટણા ગ્રામવાસીઓ દ્વારા પાણીની માગ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા છે. વારંવાર કલેક્ટર સહિત ગાંધીનગર સુધી પાણી પૂર પાડવામાં આવે તેવી ગ્રામજનોએ રજૂઆત કરી હતી. તેમ છંતા તંત્ર દ્વારા તેમના પ્રશ્નોનો કોઈ ઉકેલ ના આવતા આજે પટાણા ગ્રામજનો દ્વારા ભાવનગર-અમદાવાદ રોડ પર ચક્કાજામ કરવામાં આવ્યો છે.

એસકે યુનિવર્સિટીને મેડિકલ કોલેજ શરૂ કરવા મંજૂરી મળી, ૧૫૦ બેઠકો ફાળવાઈ

મહેસાણા

વિસનગરની એક કે યુનિવર્સિટીને કેન્દ્ર સરકારે મેડિકલ કોલેજ શરૂ કરવા માટે મંજૂરી આપી છે. મંજૂરીને પગલે ઉત્તર ગુજરાતની પહેલી સ્વનિર્ભર મેડિકલ શરૂ થશે. સરકારે ૧૫૦ બેઠકોની એમબીબીએસ કોલેજ મંજૂર કરી છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, નૂતન મેડિકલ કોલેજ વિસનગરને ૧૫૦ મેડીકલ બેઠકોની મંજૂરી મળી ગઇ છે. આ ૧૫૦ બેઠકો પર આ વર્ષથી ભરવામાં આવશે. ચૂંટણી પૂર્ણ થતાં મંજૂરી: રાજ્યની તમામ ૨૬ બેઠકો પર ૨૩મીએ ચૂંટણી યોજાઈ હતી. ત્યારબાદ કેન્દ્રની વર્તમાન મોદી સરકારે તરફથી ઉત્તર ગુજરાતની જનતાને સ્વનિર્ભર મેડિકલ કોલેજની ભેટ આપવામાં આવી છે.

પાણીના અભાવે કેરીનો પાક નિષ્ફળ જતા ખેડૂતોનાં હાલ બેહાલ

રાજુલા

રાજુલા- જાફરાબાદ પંથકમાં આશરે એક લાખ ઉપરાંત આંબાનું ખેડૂતો વર્ષોથી વાવેતર કરે છે. પરંતુ આ વર્ષે સ્થિતિ ભયાનક ઉભી થઈ છે. રાજુલા તાલુકાના વડ, ઉચૈયા, ધારાનાનેસ, હિંડોરણા, જાફરાબાદ તાલુકાના નાગેશ્રી, ચૌત્રા વિસ્તારમાં આંબાના બગીચા આવેલા છે. અહીં મોટા પ્રમાણમા કેરીનો પાક નિષ્ફળ ગયો છે. સૌથી વધારે વડ, ધારાનાનેસ, ઉચૈયામા આંબાનુ વાવેતર ખેડૂતો મોટા પ્રમાણમાં કરે છે અને ગુજરાત સૌરાષ્ટ્ર સહિત અહીંથી કેરીઓ જાય છે. પરંતુ અહીંના સ્થાનિક ખેડૂતોના જણાવ્યા પ્રમાણે સિંચાઈના સ્ત્રોત ખાલી થયા છે અને પાણીનો સૌથી મોટો ગંભીર પ્રશ્ન હોવાને કારણે અને આ વર્ષે કુદરતી વાતાવરણમાં ફેરફારના કારણે રોગ જેવું વાતાવરણ થવાથી કેરીઓ આવે છે અને સીધી નીચે ખરી જાય છે. તો કેટલીક જગ્યાએ આંબામાં મોર આવતાની સાથે જ સુકાઇ જાય છે. જેના કારણે મોટાભાગે પાક નિષ્ફળ જવાના કારણે આ પંથકના ખેડૂતોને મોટુ આર્થિક નુકશાન વેઠવું પડી રહ્યું છે. હાલમાંકેરીના ભાવ આસમાને આંબી ગયા છે. રૂ. ૧૮૦૦થી ૨૫૦૦ સુધી ૧ મણ કેરીનો ભાવ છે. વેપારી સહિત ખેડૂતો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રાજ્ય સરકાર સર્વે કરાવી કેરીના બગીચા રાખનાર ખેડૂતોને પેકેજ જાહેર કરે તો ખેડૂતો બચી શકે તેમ છે. રાજુલા જાફરાબાદ પંથકના લોકોને કેરીઓ પૂરતી મળતી હતી. પરંતુ આ વર્ષે કેરીઓ ગોતવી મુશ્કેલ છે. અને ભાવ પણ આસમાને આંબી ગયા છે. એટલે લોકોને કેરી ખાવી મોંઘી થઈ પડશે.

બાલાકોટમાં છ પૈકી પાંચ ટાર્ગેટ ફૂંકી મરાયા હતા

પાકિસ્તાનમાં ત્રણ કલાકમાં કોઈપણ સ્થળને ફૂંકી શકાય

ચોક્કસ કારણોસર હુમલાના વિડિયો બનાવવામાં સફળતા મળી ન હતી : ઓપરેશનમાં જોડાયેલા પાયલોટોનું સન્માન

નવી દિલ્હી

ઈન્ડિયન એરફોર્સની સમીક્ષામાં જણાવવામાં આવ્યું છે કે, ભારતીય હવાઈ દળ સમગ્ર પાકિસ્તાનમાં ત્રણ કલાકની અંદર જ કોઈપણ ટાર્ગેટ ઉપર યોગ્યરીતે ત્રાટકી શકે છે અને તેની કુશળતા આમા રહેલી છે. બાલાકોટમાં હવાઈ દળ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં છ પૈકી પાંચ ટાર્ગેટ સફળરીતે પાર પાડવામાં આવ્યા હતા અને ત્રાસવાદીઓનો ખાત્મો કરવામાં આવ્યો હતો. ભારતીય હવાઈ દળના પરાક્રમના સંદર્ભમાં એરસ્ટ્રાઈકની સમીક્ષા રિપોર્ટમાં તમામ વિગતો સપાટી ઉપર આવી છે. ભારતીય હવાઈ દળ એરસ્ટ્રાઈકને લઈને કોઈ વિડિયો બનાવી શકી ન હતી. હકીકતમાં હુમલા દરમિયાન હવામાનની સ્થિતિ ખરાબ હતી જેથી હવાઈ દળે લક્ષ્ય ઉપર ટાર્ગેટ બનાવવાના લાઈવ વિડિયો બનાવી શકી ન હતી. હવાઈ દળે કહ્યું છે કે જ્યારે આતંકવાદી કેમ્પો ઉપર યોગ્ય લક્ષ્ય બનાવીને હુમલા કરવામાં આવ્યા ત્યારે ઈઝરાયેલી એર ટુ સરફેસ મિસાઈલ અથવા હવાઈથી જમીનમાં માર કરનાર મિસાઈલો લોંચ કરવામાં આવી ન હતી. આ મિસાઈલથી લક્ષ્યને તોડી પાડવાની પ્રક્રિયા માટે વિડિયો બનાવવાની તૈયારી હતી. હળવા વાદળો હોવાના કારણે કાર્યવાહીમાં સમયે સ્પાઈસ ૨૦૦૦ ગ્લાઈડ બોંબની સાથે ક્રિસ્ટલ મેજમિસાઈલો લોંચ કરવામાં આવી હતી. એમ માનવામાં આવ્યું હતું કે, આ મિસાઈલથી વિડિયો બની જશે પરંતુ વાદળો હોવાના લીધે વિડિયો બની શક્યા ન હતા. ઈન્ડિયન એરફોર્સે પાકિસ્તાનના બાલાકોટમાં જેશે મોહમ્મદના છ ત્રાસવાદી અડ્ડાઓ પૈકી પાંચને ફુંકી માર્યા હતા. ઈન્ડિયન એરફોર્સ દ્વારા જારી કરવામાં આવેલા ઈન્ટરનલ રિવ્યુ ડોક્યુમેન્ટમાં આ મુજબની વાતનો ખુલાસો કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા ઈપીએફઓના નિર્ણયને મંજુરી અપાઈ

EPF પર વ્યાજદર વધારી ૮.૬૫ ટકા કરાયો : છ કરોડને સીધો લાભ

૨૦૧૮-૧૯માં ૮.૬૫ ટકા વ્યાજદર ચુકવવાનો નિર્ણય કરાયો : ત્રણ વર્ષના ગાળામાં ૨૦૧૮-૧૯માં પ્રથમવાર વધારો કરવામાં આવ્યો : ખુશીનું મોજુ

નવીદિલ્હી

એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ (ઈપીએફ) પર નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૬.૬૫ ટકા વ્યાજ મળશે. કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા વ્યાજદર વધારવાના ઈપીએફઓના નિર્ણયને મંજુરી આપી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયનો લાભ આ ક્ષેત્રમાં કામ કરનાર આશરે છ કરોડથી વધારે કર્મચારીઓને મળશે. ઘટનાક્રમ અંગે માહિતી ધરાવનાર લોકોએ કહ્યું છે કે, કેન્દ્રીય નાણા મંત્રાલય હેઠળ કામ કરનાર નાણાંકીય સેવા વિભાગ (ડીએફએસ) દ્વારા ઈપીએફઓને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઈપીએફ ઉપર વ્યાજદર ૮.૬૫ ટકા કરવાના નિર્ણયને મંજુરી આપી દેવામાં આવી છે. આ પહેલા ફેબ્રુઆરી મહિનામાં કેન્દ્રીય શ્રમ મંત્રી સંતોષ ગંગવારના નેતૃત્વમાં ઈપીએફઓની ટોચની સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે ઈપીએફ ઉપર વ્યાજદરને વધારીને ૮.૬૫ ટકા કર્યો હતો જે ત્રણ વર્ષની અંદર વ્યાજદરમાં પ્રથમ વખત વધારો હતો. નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના ઈપીએફ ઉપર વ્યાજદર ૮.૫૫ ટકા કર્યો હતો જેને વધારી ૮.૬૫ ટકા કરવામાં આવ્યો હતો. ઈપીએફઓ દ્વારા પહેલા ૨૦૧૬-૧૭માં વ્યાજદરને ઘટાડીને ૮.૬૫ ટકા કરવામાં આવ્યો હતો જે નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૮.૮ ટકા હતા. ઈપીએફઓ વ્યાજદરને લઈને છેલ્લા ઘણા દિવસથી ચર્ચા ચાલી રહી હતી પરંતુ આજે આને લઈને મંજુરી મળી ગઈ છે. બીજી બાજુ નાણામંત્રાલય દ્વારા લિસ્ટેડ કંપનીઓ દ્વારા ચૂકવવામાં આવતી રોયલ્ટી ઉપર નિયંત્રણ મુકવાની સામે વાંધા ઉઠાવ્યા છે.

એક વર્ષમાં ૨૨ લાખ રૂપિયા વધી સંપત્તિ, કોઈ લોન નથી

વડાપ્રધાન મોદીની સંપત્તિ રૂ. ૨.૫૧ કરોડ, પાંચ વર્ષમાં ૯૯ લાખનો વધારો

વારાણસી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંપત્તિના મામલે કરોડપતિ છે. જોકે, ૧૫ વર્ષ ગુજરાતના મુખ્યમંત્રી રહ્યાં અને પાંચ વર્ષ દેશના વડાપ્રધાન રહ્યાં બાદ પણ તેમની જંગમ અને સ્થાવર મિલકત ફક્ત ૨ કરોડથી વધારે છે. વારાણસીથી શુક્રવારે નામાંકન ભર્યા બાદ આપવામાં આવેલા શપથ પત્ર અનુસાર છેલ્લા એક વર્ષમાં વડાપ્રધાનની સંપત્તિમાં ફક્ત ૨૨ લાખ ૮૫ હજાર ૬૨૧ રૂપિયાનો વધારો થયો છે. ઉપરાંત તેમને કોઈ લોન પણ લીધી નથી.

હાલ આટલી છે પીએમની કુલ સંપત્તિ

શુક્રવારે દાખલ કરવામાં આવેલા શપથપત્ર અનુસાર પીએમ મોદીની કુલ સંપત્તિ ૨ કરોડ ૫૧ લાખ ૩૬ હજાર ૧૧૯ રૂપિયા છે. જો જંગમ મિલકતની વાત કરીએ તો મોદી પાસે ૩૮,૭૫૦ રૂપિયા હાથ પર રોકડા છે. ગાંધીનગર સ્થિત એસબીઆઈ બેંકમાં ફક્ત ૪ હજાર ૧૪૩ રૂપિયા છે. આ ઉપરાંત ૧ કરોડ ૨૭ લાખ ૮૧ હજાર ૫૪૭ રૂપિયાની એફડીઆર છે. જ્યારે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં તેની કુલ સંપત્તિ ૩.૧,૫૧,૫૭,૫૮૨ હતી. આમ જોતા પાંચ વર્ષમાં પીએમની કુલ સંપત્તિમાં રૂપિયા ૯૯ લાખ ૭૮ હજાર ૫૩૭ રૂપિયાનો વધારો થયો છે.

૩૧ માર્ચ ૨૦૧૮માં આટલી હતી સંપત્તિ

નરેન્દ્ર મોદીએ પોતાની કુલ સંપત્તિ અંગે સપ્ટેમ્બરમાં માહિતી આપી હતી. આ માહિતી પીએમઓની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી હતી. વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી માહિતી અનુસાર પીએમ મોદીની ૩૧ માર્ચ ૨૦૧૮ સુધી કુલ સ્થાવર મિલકત ૧ કરોડ ૨૮ લાખ ૫૦ હજાર ૪૯૮ રૂપિયા હતી. તો જંગમ મિલકત પણ ૧ કરોડ રૂપિયા આસપાસ હતી. જંગમ મિલકતમાં ૪૮,૯૯૪ રૂપિયા રોકડા પણ સામેલ હતા. તો ભારતીય સ્ટેટ બેંકની ગાંધીનગર બ્રાંચમાં ૧૧ લાખ ૨૯ હજાર ૬૯૦ રૂપિયા હતા. મોદીના નામે એક એફડી પણ છે જે એક કરોડ સાત લાખ ૯૬ હજાર ૨૨૮ રૂપિયાની હતી.

૨૦ હજારના છે બૉન્ડ

મોદીએ ૨૦ હજાર રૂપિયાના એલએન્ડટી ઈન્ફા બોન્ડમાં રોકાણ કરી રાખ્યું છે. આ ઉપરાંત એનએસસીમાં ૭ લાખ ૬૧ હજાર ૪૬૬ રૂપિયા અને એલાઈસી પૉલિસીમાં ૧ લાખ ૯૦ હજાર ૩૪૭ રૂપિયા જમા કરાવ્યાં છે. મોદીની પાસે કોઈ પણ પ્રકારનું વાહન નથી.

૪૫ ગ્રામની સોનાની વીટી

મોદીની પાસે ચાર સોનાની વીટી છે, જેનુ વજન ૪૫ ગ્રામ છે. તેની કુલ કિંમત ૧ લાખ ૧૩ હજાર ૮૦૦ રૂપિયા છે. વળી પીએમ મોદીએ ૮૪,૧૪૫ રૂપિયાની અંદાજિત આવક પેટે ટીડીએસ જમા કરાવ્યો છે. આ ઉપરાંત ૧,૪૦,૮૯૫ રૂપિયા પીઓમઓને જમા કરાવ્યાં છે.

મગફળી-તુવેર બાદ ૧.૫૬ કરોડનું અનાજ કૌભાંડ ઝડપાયું

કાલોલ

રાજયમાં ગયા વર્ષે ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદવામાં આવતી મગળફળીનું મસમોટું કૌભાંડ બહાર આવ્યું હતું. તેના પડઘા શમ્યા નથી ત્યાં તાજેતરમાં જ તુવેર કૌભાંડ બહાર આવ્યું હતું અને હવે પંચમહાલમાં તેનાથી પણ મોટું અનાજનું કૌભાંડ પકડાયું છે. વિજિલન્સ તપાસમાં જાણવા મળ્યું છે કે, કાલોલ ખાતે આવેલા નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનમાંથી ઘંઉની રૂ.૧.૫૬ કરોડની કિંમતની ૧૬,૫૦૦ બોરીઓ બારોબાર સગે-વગે કરી દેવામાં આવી છે.

વિજિલન્સ દ્વારા નિયમિત રીતે સ્ટોકની ગણતરી કરવામાં આવતી હોય છે. વિજિલન્સની ટીમ જયારે જાત તપાસ માટે કાલોલમાં આવી ત્યારે ઓડિટ દરમિયાન તેમને જાણવા મળ્યું કે, રૂ.૧.૫૬ કરોડના ઘઉં ગોડાઉનના કુલ સ્ટોકમાં ઓછા બતાવાયા હતા. જયારે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી તો ખબર પડી કે, ગોડાઉનમાંથી ઘઉંની ૧૬,૫૦૦ બોરીઓ સગેવગે થઈ ગઈ છે. હાલ તો સરકાર દ્વારા ખાતાકિય તપાસની કાર્યવાહી હાથ ધરાઈ છે. કોઈ પણ પ્રકારનો પોલીસ કેસ દાખલ કરાયો નથી.

સરકારે તાત્કાલિક કાર્યવાહી કરતાં ગોડાઉનના મેનેજરને સસ્પેન્ડ કરી દેવાયા છે. જ્યારે મેનેજરનો સંપર્ક કરવામાં આવ્યો તો તેણે સમગ્ર કૌભાંડનો મુખ્ય સુત્રધાર સ્થાનિક રાજકીય આગેવાન અને સસ્તા અનાજની દુકાનનો પરવાનો ધરાવતો મહેન્દ્ર બેલદાર નામનો શખ્સ હોવાનો આક્ષેપ કર્યો છે.

દમણગંગા નદીમાંથી બાળકની લાશ મળી

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના અચ્છા.રી ગામે નવીનગરી દમણગંગા નદીના પાણીમાં ડુબી જવાથી તણાઈ આવી મરણ પામેલ અજાણ્યાછ બાળકની લાશ મળી આવી છે. જેની કોઈ ઓળખ થયેલ નથી. મરણ પામેલ બાળકની ઉંમર આશરે ૧૩ થી ૧૫ વર્ષ, શરીરે પાતળો બાંધો, રંગે શ્યાનમ, તેણે લાલ કલરનો અંડરવિયર પેહરેલ છે. જેના નામ ઠામની ખબર નથી. મરણ જનાર બાળકના વાલીએ પોલીસ સબ ઈન્સણપેકટર, ભીલાડ પોલીસ સ્ટે.શનનો સંપર્ક સાંધવા જણાવાયું છે.

૧લી મે પછી આધાર કાર્ડ વગર સીમકાર્ડ ખરીદી શકાશે

ન્યુ દિલ્હી

નવું સીમકાર્ડ લેવા માટે આધાર વગર ડીઝીટલ કેવાયસી સીસ્ટમ તૈયાર કરી લેવાઈ છે. પહેલી મેથી તેને દેશભરમાં અમલી બનાવી દેવામાં આવશે. તેના દ્વારા નવું સીમ ખરીદનાર ગ્રાહકનું વેરીફીકેશન કરીને તેનો નંબર એક થી બે કલાકમાં જ ચાલુ કરી દેવામાં આવશે. સુપ્રિમ કોર્ટના દિશા નિર્દેશો પછી મોબાઈલ કંપનીઓએ આ નવી સીસ્ટમ તૈયાર કરી છે. તેને દુરસંચાર વિભાગની ગાઈડલાઈન અનુસાર તૈયાર કરવામાં આવી છે. અત્યારે તો આ સિસ્ટમનું પરિક્ષણ ચાલી રહ્યું છે નવા દિશા-નિર્દેશો અનુસાર નવું સીમકાર્ડ આપતા પહેલાએપ દ્વારા ગ્રાહકોનું ડીજીટલ વેરીફીકેશન કરવું પડશે બધી કંપનીઓએ એપનું લાયસંસવાળુ વર્ઝન પોતાના સ્ટોરમાં અથવા રજીસ્ટર્ડ દુકાનદારોને આપવું પડશે. આ એપ યુઝર નેમ અને પાસવર્ડ દ્વારાજ ચાલશે જેથી માહિતી મળી શકશે કે આ એપ દ્વારા કોણે કોણે અને કયારે વેરીફીકેશન કરીને નવો નંબર વેચ્યો છે અને એકટીવેટ કર્યો છે. મોબાઈલ ગ્રાહકે પોતાનું ઓરીજીનલ એડ્રેસ અને આઈડી પ્રુફ દસ્તાવેજો સાથે વિક્રેતાને આપવું પડશે. વિક્રેતા ત્યારેજ ગ્રાહકનો એક ફોટો પાડશે અને તેને એપમાં રહેલ ડીજીટલ કસ્ટમરફોર્મમાં અપલોડ કરી દેશે. તે ફોટાની સાથે લોકેશન, યુનિક આઈડી નંબર, દિવસ, સમય અને તારીખ જેવી જરૂરી માહિતી પણ અપલોડ કરવી પડશે જેથી જાણ થઈ શકે કે ક્યારે, કઈ જગ્યાએ અને કોણે ફોટો અપલોડ કર્યો છે. ગ્રાહકના દસ્તાવેજોનો પણ ફોટો પાડવામાં આવશે અને તેને પણ એપ પર અપલોડ કરવામાં આવશે.

દેશની સંખ્યાબંધ નાણાંકીય સંસ્થાઓમાં ૭૦,૦૦૦ કરોડ રૂપિયાનો કોઈ માલિક નથી..!!

ન્યુ દિલ્હી

ભારતમાં એક તરફ લોકોનો એક મોટો વર્ગ ગરીબીમાં જીવી રહ્યો છે અને બીજી તરફ દેશની સંખ્યાબંધ નાણાકીય સંસ્થાઓમાં ૭૦૦૦૦ કરોડ રુપિયા લાવારિસ હાલતમાં પડ્યા છે.જેના પર કોઈ દાવો કરનાર પણ નથી.

આની પાછળનુ કારણ એ છે કે, લોકો શેર ખરીદીને, પોસ્ટ ઓફિસની સ્કીમમાં કે બેંક એકાઉન્ટમાં અથવા તો ઈન્સ્યોરન્સ લઈને આ પૈસા ભુલી ગયા છે. બીજુ કારણ એ પણ છે કે, લોકોએ ઈન્વેસ્ટમેન્ટ કરવાનુ શરુ કર્યા બાદ પૈસા મેચ્યોર થવાની તારીખ સુધી ઈન્વેસ્ટેમેન્ટ કરી ના શક્યા. કેટલાક રોકાણકારોનુ મોત થઈ જવાથી તેમના પરિવારજનોને પણ તેમણે રોકેલા પૈસાની માહિતી નથી હોતી. ભારતની એક કંપની પીયરલેસ જનરલ ફાઈનાન્સમાં આવા ૧૫૧૪ કરોડ રુપિયા પડ્યા છે.૧૫ વર્ષ પહેલા નાના રોકાણકારોને ડિપોઝીટ સર્ટિફિકેટ આપ્યા હતા.હવે આ રકમ સરકારે ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર કરી છે.

જીએસટીના ડિફોલ્ડરો પાસેથી બાકી કર વસૂલવા ટેલિકોલિંગનો સહારો

સુરત

દક્ષિણ ગુજરાતમાં જીએસટી નંબર લીધા બાદ રિટર્ન નહીં ભરનારા ડિફોલ્ડરને હવેથી ફોન કરીને રિટર્ન ભરવા માટે સમજાવવાનો નવતર પ્રયોગ શરૂ કરવાની કવાયત હાથ ધરવામાં આવનાર છે. આ પ્રયોગ સફળ થયા બાદ સમગ્ર ગુજરાતમાં તેનું અમલીકરણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવવામાં આવી રહી છે.

જીએસટી વિભાગના સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, સુરત રેન્જમાં જે પણ વેપારીઓએ જીએસટી નંબર લીધા હશે તેની યાદી તૈયાર કરવામાં આવીશે. તેમાં જે વેપારીઓ નિયમિત રિટર્ન ભરતા હોય પરંતુ એકાદ બે મહિનાથી રિટર્ન ભર્યા ન હોય તેમને કોલ કરાશે. આ વેપારીઓ પાસેથી રિટર્ન ભરવાનું કેમ રહીં ગયું તેના કારણો જાણી સમસ્યાના નિરાકરણ સાથે રિટર્ન ભરવા સમજાવાશે.

ટેલિકોલિંગથી સમજાવટ બાદ પણ રિટર્ન નહીં ભરાય તો નોટીસ આપી જીએસટી નંબર રદ કરવા સુધીના પગલાં ભરવામાં આવશે. આ પ્રકારનો પ્રયોગ સમગ્ર રાજ્યમાં સૌથી પહેલાં સુરત ખાતેથી કરવામાં આવનાર છે. સુરતમાં જે રિસ્પોન્સ મળે તેનું એનાલીસીસ કર્યા બાદ તેમાં સુધારા વધારા કરી સમગ્ર રાજ્યમાં તેનું અમલીકરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ઝારખંડમાં નક્સલીઓનો આતંકઃ બોમ્બથી ભાજપનું કાર્યાલય ફૂંકી માર્યુ

રાંચી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ દરમિયાન ઝારખંડમાં પ્રથમવાર નકસલ આતંકવાદી ઘટના ઘટી છે. ઝારખંડ રાજયના પલામુ જિલ્લાના નકસલ પ્રભાવિત હરિહરગંજમાં પ્રતિબંધિત સંગઠન માઓવાદીના ૧૨ ઉગ્રવાદીઓએ ગુરુવારે મોડી રાત્રે બસસ્ટેન્ડ નજીક આવેલ ભાજપના ચૂંટણી કાર્યાલયને બોમ્બ બ્લાસ્ટથી ફૂંકી માર્યું હતું. આ ઘટના રાત્રે ૧૨.૨૫ કલાકની આસપાસ ઘટી હતી.

ભાજપનું કાર્યાલય બોમ્બથી ફૂંકી મારીને નકસલીઓ એક ચિઠ્ઠી પણ છોડી ગયા હતા. નકસલીઓએ આ ચિઠ્ઠીમાં રાફેલ ગોટાળો, શરાબ બેરન વિજય માલ્યાના બાકી નીકળતા રૂ.૯,૦૦૦ કરોડ અને ડાયમંડ કિંગ નીરવ મોદીના રૂ.૧૧,૦૦૦ કરોડના ગોટાળા સહિત નોટબંધી અને ધાર્મિક લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાઓનો વિરોધ કર્યો હતો. ચિઠ્ઠીમાં ૧૭મી લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવા પણ નકસલોએ જણાવ્યું હતું. બોમ્બ બ્લાસ્ટથી સમગ્ર વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. લોકોએ ફોન કરીને પોલીસ કંટ્રોલ રુમને જાણ કરી હતી. લોકોના જણાવ્યા પ્રમાણે ઘટનાને અંજામ આપ્યા બાદ નકસલીઓ માઓવાદ ઝિંદાબાદના નારા લગાવતા બિહાર તરફ ફરાર થઈ ગયા હતા. છત્તરપુરના ડીએસપી શંભુકુમારસિંહે જણાવ્યું હતું કે માઓવાદીઓએ ભાજપ કાર્યાલયને બોમ્બ વિસ્ફોટ કરીને ફૂંકી મારતા કાર્યાલયની ઈમારતને ભારે નુકસાન પહોંચ્યું છે. સદનસીબે એ વખતે કાર્યાલયમાં કોઈ હાજર નહીં હોવાથી મોટી ખુવારી નિવારાઈ છે.

એક આરટીઆઈ તપાસમાં રેલ્વેએ જણાવ્યું

રેલવે પ્રવાસીઓ પાસેથી પૈસા પડાવતા ૭૩,૦૦૦ વ્યંઢળોની ધરપકડ

ન્યુ દિલ્હી

છેલ્લાં ચાર વર્ષમાં ટ્રેનમાં ફરીને રેલવે પ્રવાસીઓની પાસેથી પૈસા વસૂલતા ૭૩,૦૦૦થી વધુ વ્યંઢળોની ધરપકડ કરવામાં આવી છે, જેમાંના ૨૦,૦૦૦ની તો છેલ્લાં એક વર્ષમાં ધરપકડ કરવામાં આવી છે, એમ એક આરટીઆઈ તપાસમાં રેલવે પાસેથી જાણવા મળ્યું છે.

આ આંકડા મહત્ત્વના છે કારણ કે રેલવેને પ્રવાસીઓ તરફથી વ્યંઢળો તરફથી કરવામાં આવતી પરેશાનીની ઘણી ફરિયાદ મળી છે. તેઓ પ્રવાસીઓને ગાળો આપે છે, તેમની પાસેથી પૈસા ઉઘરાવે છે અને જ્યારે તેઓ પૈસા આપવાની ના પાડે ત્યારે તેમની સાથે હાથાપાઈ પણ કરે છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ) નિયમિતપણે આવા બનાવોને રોકવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરે છે. આરટીઆઈના સવાલના જવાબમાં રેલવે વિભાગે જણાવ્યું હતું કે કુલ ૭૩,૮૩૭ વ્યંઢળની આ વર્ષના જાન્યુઆરી મહિના સુધીમાં ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી ૧૩,૫૪૬ની ૨૦૧૫માં, ૧૯,૮૦૦ની ૨૦૧૬માં, ૧૮,૫૨૬ની ૨૦૧૭માં અને ૨૦,૫૬૬ની ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી. આ વર્ષના જાન્યુઆરી મહિનામાં ૧,૩૯૯ વ્યંઢળની ધરપકડ કરવામાં આવી હતી. રેલવે અંગે નીતિ એ રાજ્યનો વિષય છે. રેલવેમાં તથા ચાલુ ટ્રેનમાં ગુના થતા રોકવા , કેસની નોંધણી અને તપાસ કરવી, કાયદો અને વ્યવસ્થાનું ધ્યાન રાખવું એ રાજ્ય સરકારનો વિષય છે, જેનો તેઓ ગવર્નમેન્ટ રેલવે પોલીસ થકી ઉકેલ લાવે છે, એમ રેલવેએ જણાવ્યું હતું.

સેક્સ વર્કર સાથે સંબંધ બાંધતા સમયે કોન્ડોમ કાઢી નાખ્યો, યુવકને થઈ ૧૨ વર્ષની જેલ

લંડન

બ્રિટનમાં સેક્સ વર્કર સાથે સંબંધ બાંધતા સમયે કોન્ડોમ કાઢી નાખવાના આરોપીમાં એક વ્યક્તિ દોષી જાહેર કરાયો છે. આ વ્યક્તિને કોર્ટે ૧૨ વર્ષની જેલની સજા ફટકારી છે. ૩૫ વર્ષના યુવક લી હોગબેને સેક્સ વર્કર યુવતીની સતત આપત્તિને અવગણીને સંબંધ બાંધ્યા. આમ કરીને લીએ પીડિતાની સહમતિની શરતનું ઉલ્લંઘન કર્યું. જે બાદ ૨૦ વર્ષની યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

યુવતીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદના આધારે બીજા દિવસે યુવકની રેપના આરોપમાં ધરપકડ કરાઈ હતી. કોર્ટમાં જણાવ્યા મુજબ મહિલા એડલ્ટ વર્ક નામની વેબસાઈટ પર પોતાની સેવા માટે જાહેરાત આપી હતી. તેને ઓનલાઈન સાઈટ પર સ્પષ્ટ શરત રાખી હતી કે ક્લાયન્ટને પ્રોટેક્શનનો ઉપયોગ કરવો પડશે. જેબાદ લીએ તેનો સંપર્ક કર્યો હતો અને બંનેનું ૧૯ જાન્યુઆરીએ હોટલમાં મળવાનું નક્કી થયું હતું. પીડિતાના વકીલ કહ્યું કે, જ્યારે પીડિતાએ તેને રોકવાનો પ્રયાસ કર્યો તો યુવક તેને ધમકાવવા લાગ્યો. યુવક સહમતિથી આગળ વધી ગયો અને તેને અધવચ્ચે જ પ્રોટેક્શન હટાવી દીધું. યુવતીએ સતત તેનો વિરોધ કર્યો. તેણે કહ્યું, હું આવું ન કરી શકું. પ્લીઝ નહીં. તેણે યુવકથી દૂર જવાનો પણ પ્રયાસ કર્યો પરંતુ યુવકે તેને ચૂપ કરાવી દીધી. બે કલાક સુધી યુવતી સાથે રહ્યા બાદ લીએ તેને કોઈ પૈસા ન ચૂકવ્યા. લી પર આ પહેલા પણ યૌન ઉત્પીડનના ઘણા આરોપો લાગી ચૂક્યા છે.

તંત્રી સ્થાનેથી...

હવે ડેટા પર જંગી ખર્ચ

જો અમે કોઈ નવા શહેરમાં અથવા તો કોઈ ચોક્કસ વિસ્તારમાં જ્યારે પોતાનુ અથવા તો ભાડા પર મકાન લઈએ છીએ ત્યારે કેટલીક બાબતોમાં ચોક્કસપણે ધ્યાન આપીએ છીએ. બાકીની તમામ વાતોની સાથે એક વાત અમે ચોક્કસપણે જોઈએ છીએ કે આસપાસના વિસ્તારમાં કોણ રહે છે અને આસપાસના વિસ્તારમાં વાતાવરણ કેવુ છે. સુરક્ષા વ્યવસ્થા કેવી પ્રકારની રહેલી છે. કોઈ વધારે ચોરીના બનાવો તો નથી બનતા ન. સ્વાભાવિક છે કે આ બાબતને જાણવા માટે અમે અમારા મિત્રો અને ઓળખીતા લોકોને પ્રશ્ન કરીએ છીએઓ. પરંતુ જો તમે લંડન અથવા તો ન્યુયોર્કમાં કોઈ જગ્યાએ રહેવાનુ પસંદ કરો તો આવી માહિતી માહિતી એકત્રિત કરવા માટેની કોઈ જરૂર હોતી નથી. શહેર તો ખુબ દુરની વાત છે તમામ વિસ્તારો અને મકાનોની માહિતી ઓનલાઈન તમને મળી રહેશે. કયા વિસ્તારમાં કેવા પ્રકારના અપરાધ બને છે અને શાંતિ છે કે કેમ તે તમામ માહિતી મળી રહેશે. કેટલા અપરાધી પકડી પાડવામાં આવે છે દરેક પ્રકારની માહિતી ટુંકમાં મળી જાય છે. જો કે આને માટે થોડીક રકમ ચુકવવાની જરૂર હોય છે. સુચનામાં શક્તિ છે આ બાબતોને અગાઉની સદીમાં લોકો જાણી ગયા હતા. પરંતુ સુચના આપવામાં પણ રોકડ રકમ મળે છે તે બાબતઅંગે માહિતી ન હતી. ગુગલ અને ફેસબુક દ્વારા આ બાબતને અમને શિખવાડી છે. પ્રાઈવેસીના ખતરાના સંબંધમાં માહિતી હોવા છતાં રાત દિવસ આ કંપનીઓને અમે પોતાની અંગત માહિતી આપતા રહીએ છીએ. આજ મફતમાં આપવામાં આવેલી માહિતી આજે દુનિયામાં કમાણીના મોટા સાધન તરીકે છે. સુચનામાં પૈસા છે તે બાબત જાણવાની બાબત એક અલગ બાબત છે અને સુચનામાંથી પૈસા લેવા તે એક જુદી બાબત છે. વસ્તીની દ્રષ્ટિએ આજે ભારત વિશ્વમાં બીજા સ્થાન પર છે. સ્વાભાવિક છે કે અમારી પાસે માહિતીનો ભંડાર છે. પરેશાની એ છે કે અમારી મફતમાં આપવામાં આવી રહેલી માહિતીથી દુનિયા પૈસા કમાવી રહી છે. લેખક અને અધિકારી અરૂણ બોથરાએ એક અગ્રણી અખબારને આ અંગેની ઉપયોગી માહિતી પુરી પાડી હતી. હવે સ્થિતી એ છે કે એજ સુચનાને અમે પૈસા આપીને ખરીદી રહ્યા છીએ. પૈસા કમાવવાની બાબત તો દુરની છે અમે આ સુચનાનો ઉપયોગ વ્યવસ્થાને સુધારી દેવા માટે પણ કરી રહ્યા નથી. હવે અપરાધના સંબંધમાં સુચનાને જ ધ્યાનમાં લેવામાં આવે તો સમગ્ર દુનિયામાં પોલીસ પોતાના કામકાજ માટે મોટા ભાગે ડેટા પર આધાર રાખે છે. અપરાધ અંગેની તમામ માહિતીને ખુબ સાવધાની પૂર્વક રાખવામાં આવે છે. ખાસ કરીને પોલીસ બજેટ માટેના પૈસા ક્યાં અને કઈ રીતે ખર્ચ થઈ રહ્યા છે તે બાબતને જાણવા માટેના પ્રયાસ થતા રહે છે. આ અંગે માહિતી વૈજ્ઞાનિક રીતે મુલ્યાંકન માટે ધ્યાન આપવામાં આવે છે. મુલ્યાંકનનુ આ કામ સામાન્ય રીતે બહારની એજન્સી દ્વારા કરવામાં આવે છે. શૈક્ષણિક સંસ્થાઓ અને ખાનગી કંપનીઓ દ્વારા કરવામાં આવે છે. પૈસા આના માટે સરકાર આપે છે. સ્વાભાવિક છે કે ડેટા જમા કરવા અને તેના મુલ્યાંકન માટે જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. ગુગલ અને ફેબબુક જેવી કંપનીઓ આ કામ માટે જંગી રકમ ખર્ચ કરે છે.

વિટામિન ડી પર ધ્યાન જરૂરી

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિટામીન ડી વાઈરલ ઈન્ફેશનથી રક્ષણ કરવામાં મદદરૂપ બને છે. અભ્યાસ મુજબ વાઈરલ ઈન્ફેક્શનથી બચાવવામાં વિટામીન ડીની ભૂમિકા ચાવીરૂપ રહે છે તે બાબત સાબિત કરવા માટે ઘણા તારણો પણ નક્કર રીતે રજૂ કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે શિયાળાની સિઝન અને ગરમીની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વાયરલ ઈન્ફેક્શનના રોગ ફેલાઈ જાય છે. વિટામીન ડીની ભૂમિકા વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જ્યારે દિવસો નાના હોય છે અને સૂર્યપ્રકાશ પ્રમાણસર નબળો હોય છે ત્યારે વિટામીન ડીનું સ્તર ઘટી જાય છે. આ જ કારણસર લોકો વાયરલ ઈન્ફેક્શના વધુ શિકાર થાય છે. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે વિટામીન ડીના ઘટક તત્વો રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે જે વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જર્નલ ઓફ લ્યુકો સાઈટ બાયોલોજીમાં જણાવવામાં આવ્યું છે કે વિટામીન ડીને લઈને કરવાાં આવેલા વધુને વધુ સંશોધનમાં જાણવા મળ્યું છે કે માનવીના આરોગ્ય માટે વિટામીન ડી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્પેનમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યા બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે જ્યારે પરંપરાગત થેરાપી કામ કરતી નથી ત્યારે વિટામીન ડીના ઘટક તત્વો ઉપયોગી સાબિત થઈ શકે છે.

પ્રજ્ઞા ઉપરાંત, રાહુલ, સોનિયા ગાંધી અને કન્હૈયા પણ જામીન પર...

જામીન પરના ઉમેદવારોની યાદી મોટી

લોકસભા ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો પોત પોતાના દાવ લગાવી રહ્યા છે. જીત મેળવી લેવા માટે તમામ ઉમેદવાર અને પાર્ટી પોત પોતાની રીતે તમામ પ્રયાસ કરી રહી છે. ભોપાલની લોકસભા સીટ પર ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રજ્ઞાસિંહ ઠાકુરને ટિકિટ આપ્યા બાદ હવે ભાજપની ચારેબાજુ ટિકા થઈ રહી છે. કારણ કે તેઓ માલેગાંવ બ્લાસ્ટના આરોપી તરીકે છે. સાથે સાથે હાલમાં જામીન પર છે. પ્રજ્ઞાની એટલા માટે પણ ટિકા થઈ રહી છે કે તેઓએ તબિયત ખરાબ હોવાને લઈને જામીન મેળવી લીધા છે. જો કે આજે ચૂંટણીને લઈને ખુબ સક્રિય દેખાઈ રહ્યા છે.મધ્યપ્રદેશની ભોપાલ સીટ પરથી તેમને ટિકિટ ભારતીય જનતા પાર્ટી દ્વારા આપી દેવામા આવી છે. તેમની સામે કોંગ્રેસના નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન દિગ્વિજય સિંહ મેદાનમાં છે. જામીન પર રહેલા અન્ય હાઈ પ્રોફાઈલ લીડરોમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લીડરોનો સમાવેશ થાય છે. રાજકીય વર્તુળોમાં તમામ પક્ષો એક સાથે દેખાઈ રહ્યા નથી. પ્રજ્ઞા સામે માલેગાંવ બ્લાસ્ટ મામલો છે. તમામ લોકો જાણે છે કે ૨૯મી સપ્ટેમ્બરના દિવસે મહારાષ્ટ્રના માલેગાવમાં શકીલ ગુડ્સ ટ્રાન્સપોર્ટ કંપનીની પાસે બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં ૧૦ લોકોના મોત થયા હતા. આશરે ૮૦ લોકો ઘાયલ થયા હતા. બ્લાસ્ટ એક બાઈક પાસે થયો હતો. મહારાષ્ટ્રમાં એટીએસે કહ્યુ હતુ કે બ્લાસ્ટમાં ઉપયોગ કરવામાં આવેલી બાઈક પ્રજ્ઞા ઠાકુરની હતી. વર્ષ ૨૦૧૧માં આ કેસ મહારાષ્ટ્રના એટીએસને સોંપી દેવામાં આવ્યો હતો. ૧૩મી મે ૨૦૧૬ના દિવસે એનાઈએ દ્વારા પુરાવાના અભાવમાં પ્રજ્ઞા સહિત પાંચ આરોપીઓની સામે તમામ આરોપો પરત લઇ લેવામાં આવ્યા હતા. ૨૫મી એપ્રિલ ૨૦૧૭ના દિવસે મુંબઈની હાઈકોર્ટે પ્રજ્ઞાને શરતી જામીન આપી દીધા હતા. જામીનના આદેશમાં કહેવામાં આવ્યુહતુ કે



માલેગાંવ બ્લાસ્ટના આરોપી પ્રજ્ઞા ઠાકુરને મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા બાદ રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા છેડાઈ ગઈ

પ્રજ્ઞા બ્રેસ્ટ કેન્સરથી ગ્રસ્ત છે. તેની ચાલવાની સ્થિતી નથી. જામીન પર રહેલા પ્રજ્ઞાએ ૧૭મી એપ્રિલના દિવસે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થવાની જાહેરાત કરી હતી. એજ દિવસે પાર્ટીએ તેમને ભોપાલની ટિકિટ આપી દીધી હતી. પ્રજ્ઞાની સામે દિગ્વિજય ચૂંટણી મેદાનમાં છે. પ્રજ્ઞા ઉપરાંત સોનિયા ગાંધીની સામે પણ કેસ ચાલી રહ્યો છે. તેમની સામે નેશનલ હેરાલ્ડ કેસ છે. રાયબરેલી બેઠક પરથી ચૂંટણી મેદાનમાં રહેલા સોનિયા ગાંધીની સામને નેશનલ હેરાલ્ડ કેસ છે. નેશનલ હેરાલ્ડ એકમાત્ર કેસ છે જેમાં ગાંધી પરિવારના સભ્યના નામો સીધી રીતે સામેલ છે. આ કેસને સુબ્રમણ્યમ સ્વામી કોર્ટમાં લઈ ગયા હતા. દિલ્હીની પટિયાળા હાઉસકોર્ટ દ્વારા ૧૯મી ડિસેમ્બર ૨૦૧૫ના દિવસે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને જામીન આપ્યા હતા. ત્યારબાદથી મોદી તમામ મોટા મંચ પર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને જામીન પર હોવાને લઈને ઉલ્લેખ કરતા રહ્યા છે. જ્યારે કોંગ્રેસે આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે ભાજપે નેશનલ હેરાલ્ડ કેસનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાયબરેલી સીટ પરથી ભાજપે તેમની સામે દિનેશ પ્રતાપ સિંહને મેદાનમાં ઉતારી દીધા છે. જે એમએલસી રહી ચુક્યા છે. મામલો એ છે કે પંડિત જવાહર લાલ નહેરુએ નેસનલ હેરાલ્ડ અખબારની શરૂઆત કરી હતી. જેની માલિકી એસોસિએટ્સ જર્નલ્સ લિમિટેડની પાસે હતા. એજેએલ અન્ય અખબાર પણ પ્રકાશિત કરે છે. વર્ષ ૨૦૦૮માં એજેએલ દ્વારા અખબાર પ્રકાશિત ન કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યાં સુધી તેમના પર ૯૦ કરોડનુ દેવુ હતુ. ત્યારબાદ પાંચ લાખ રૂપિયાની રકમ સાથે બનેલી કંપની યંગ ઈન્ડિયન કંપનીની એન્ટ્રી થઈ હતી. જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ૩૮-૦૩૦ ટકા હિસ્સો ધરાવે છે. બાકીની ૨૦ ટકા હિસ્સેદારી મોતીલાલ વહોરા અને ઓસ્કાર ફર્નાન્ડિઝની હતી. કોંગ્રેસ પાસેથી યંગ ઈન્ડિયાને ૯૦ કરોડ આપવામાં આવ્યા હતા. જેના કારણે યંગ ઈન્ડિયાએ એજેએલના ૯૯ ટકા શેયર ખરીદી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ કોંગ્રેસે યંગ ઈન્ડિયાના ૯૦ કરોડનુ દેવુ પણ માફ કરી દીધુ હતુ. પરિણામ એ રહ્યુ હતુ કે યંગ ઈન્ડિયાને એજેએલ લગભગ ફ્રીમાં હાથમં આવી જતા કોંગ્રેસને રાહત થઈ હતી. સ્વામીએ દલીલ કરી હતી કે રાજકીય પાર્ટીના ફંડનો ઉપયોગ વેપારી હેતુ માટે કરી શકાય નહી. રાહુલ ગાંધીની સામે પણ આ જ કેસ રહેલો છે. રાહુલ અમેઠીમાંથી ઉમેદવાર છે. તેમની સામે ભાજપના સ્મૃતિ ઈરાની મેદાનમાં છે. શશી થરુર, કન્હૈયા કુમાર પપ્પુ યાદવની સામે ગંભીર કેસ છે. શશી થરુર પત્નિ સુનંદા હત્યા કેસમાં આરોપોનો સામનો કરી રહ્યાછે. કન્હૈયા સામે દેશદ્રોહના આરોપ છે. ભારતના ટુકડે ટુકડે હોંગેના નારા લગાવવામાં આવ્યા હતા.

સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક બાદ પણ પાકિસ્તાન ઉદાસીન...

કુખ્યાત ત્રાસવાદીઓ હજુ બેખોફ છે

ઉરી અને પુલવામા ખાતે ત્રાસવાદીઓ દ્વારા હુમલા કરવામાં આવ્યા બાદ ભારત દ્વારા બે વખત પાકિસ્તાનમાં ઘુસીને કાર્યવાહી કરવામાં આવી છે. જો કે પાકિસ્તાન પર હજુ સુધી કોઈ અસર થઈ નથી. ઉરીમાં હુમલા બાદ પાકિસ્તાને સૌથી પહેલા પાકિસ્તાનમાં ઘુસીને સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. જેમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ પુલવામાં ત્રાસવાદીઓ દ્વારા આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો ત્યારે ૪૦ જવાન શહીદ થયા હતા. ત્યારબાદ ભારતે પાકિસ્તાનના ત્રાસવાદી કેમ્પો પર ભીષણ હવાઈ હુમલા કર્યા હતા. આવી કઠોર કાર્યવાહી બે વખત કરવામાં આવી હોવા છતાં પાકિસ્તાનમાં આ હુમલા માટે જવાબદાર રહેલા તમામ આકા સામે પાકિસ્તાનમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. તમામ ત્રાસવાદી આકા બેખૌફ ફરી રહ્યા છે. ઈમરાન ખાનના નેતૃત્વમાં પાકિસ્તાન સરકાર ભારત સાથે સારા સંબંધ સ્થાપિત કરવાની બાબત વારંવાર રજૂ કરે છે પરંતુ આ બાબત એ વખત સુધી કોઈ ફાયદો કરાવશે નહીં જ્યાં સુધી પાકિસ્તાન દ્વારા ભારતના અપરાધીઓ અને ત્રાસવાદીઓ સામે કોઈ પગલા લેશે નહીં. ઈમરાન ખાનને પહેલા વિશ્વાસ નિર્માણના પગલા લઈને વિશ્વાસ અપાવવો પડશે. પાકિસ્તાન સરકાર ત્રાસવાદ સામે કાર્યવાહી કરવાથી ખચકાટ અનુભવ કરી રહી છે. ત્રાસવાદીઓ સામે કાર્યવાહી કરવા માટે ભારત અને અમેરિકા સહિતાના દેશો દ્વારા જોરદાર દબાણ લાવવામાં આવી રહ્યુ હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. આંતરરાષ્ટ્રીય દબાણની પણ અવગણના કરવામાં આવી છે. આના માટે કેટલાક કારણો છે. જે પૈકી એક કારણ એ છે કે પાકિસ્તાની સરકારને



પાકિસ્તાનમાં તમામ ત્રાસવાદી આકા-અપરાધી હજુ સૌથી સલામત રહેલા છે : વિશ્વના દેશોને પાકિસ્તાન પર વધારે દબાણ લાવવાની જરૂર

વિશ્વ મેલેરિયા દિવસ નિમિત્તે નવો પૂર્વઝોન સરથાણાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છજન્ય રોગચાળાની પરિસ્થિતિ નિવારવા જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત મોટાવરાછા, અબ્રામા, સરથાણાના રહેણાંક તથા ચાલુ હાલતમાં આવેલ બાંધકામના બેઝમેન્ટ બનાવવામાં આવેલ ચેનલાઈઝરનો યોગ્ય ઢાળ ન હોવાને કારણે મચ્છરજન્ય પરિસ્થિતિનું નિર્માણ કરવાની સંભાવના ધરાવતા કુલ ૩૨ ઈસમો સામે ક્ષતિ નિવારવા જાહેર આરોગ્ય રક્ષણ સંબંધિત નોટિસ આપવામાં આવી છે.

આથી જાહેર જનતાને જણાવવાનું કે હાલમાં તેમજ આગામી ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિને નિવારવા ધાબા ઉપર પડેલ નકામો પડતર ભંગાર સામગ્રીનો નિકાલ કરવાનો રહેશે. તેમજ ખાનગી પ્લોટ ધારકોએ વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ માટી પૂરાણ કરવા અથવા વોટર રિચાર્જ બોરિંગ કરવા અનુરોધ કરવામાં આવે છે. વધુમાં ચાલુ હાલતના બાંધકામ ધારકોએ પોતાની પ્રિમાઈસીસમાં આવેલ પાણી ભરાવાના સ્થળોએ અઠવાડીક બે દિવસ ડીઝલ-કેરોસીનનો છંટકાવ કરવા જણાવવામાં આવે છે.

પેન્શનરોએ આવશ્યક પુરાવા સાથે હયાતીની ખરાઈ કરાવી લેવી

ખરાઈ નહીં થઈ હશે તો ચૂકણું સ્થગિત કરાશે

વલસાડ

વલસાડ જિલ્લા તિજોરી(તાલુકા સહિત) આઈ.આર.એલ.એ. સ્કીઆમ હેઠળ પેન્શ ન મેળવતા પેન્શ નરો/ કુટુંબ પેન્શ-નરોએ તેમની નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની હયાતીની ખરાઇ જુન-જુલાઇ-૧૯ એટલે કે તા.૦૧/૦૫/૨૦૧૯ થી તા.૩૧/૦૭/૨૦૧૯ સંબંધિત બેંકમાં હયાતીની ખરાઇ કરાવવાની રહશે. તેની સાથે જન્મટ તારીખના પુરાવા તરીકે પાનકાર્ડ, ઓળખપત્ર તથા સંપર્ક નંબર અને કાયમી સરનામું તથા પુરુષ પેન્શમનરે પુનઃ લગ્ન ન કર્યાનું તથા પચાસ વર્ષથી ઓછી ઉંમરવાળીસ્ત્રી પેન્શરનરે પુનઃ લગ્ન ન કર્યાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર મેળવી તથા મુદતી પેન્શાનર હોય તો આવકનો દાખલો લઇ સંબંધિત બેંકમાં હયાતીની ખરાઇ કરવી લેવાની રહેશે. જે પેન્શાનર હયાતીની ખરાઇ કરવામાં નિષ્ફળ જશે તો તેમનું માહે ઓગસ્ટા -૨૦૧૯નું ચૂકવણું સ્થખગિત કરવામાં આવશે. કોઇ રજુઆત હોય તો કચેરીના સમય ૧૧ થી ૨ દરમિયાન કરી શકાશે. વિદેશમાં રહેતા પેન્શેનરોએ તેઓની હયાતી નોટરી પાસે ફોટા સહિત બેંક/શાખા, પી.પી.ઓ નંબર ખાતા નંબર લખીને કરાવવાનું રહેશે. અત્રેની કચેરીની પૂર્વ મંજુરી વિના જે પેન્શાશનરોએ તેઓની બેંકની શાખા બદલેલ હશે તેવા પેન્શેનરોની હયાતીની ખરાઇ કરવામાં આવશે નહી. ચાલુ નાંણાકીય વર્ષ દરમિયાન જે પેન્શેનરોએ આવક વેરાના હેતુ માટે રોકાણ કરનાર હોય તેવા જે પેન્શ.નરોએ અત્રેની કચેરીને રોકાણની માહિતી પુરી પાડવાની રહેશે. વધુમાં જેમણે જિલ્લા તિજોરી કચેરી ખાતે આધારકાર્ડની નકલ તથા સંમતિપત્ર રજૂ કરેલું ન હોય તેમણે ફરજિયાત આધારકાર્ડની નકલ રજૂ કરવા જિલ્લા તિજોરી અધિકારી, વલસાડ દ્વારા જણાવાયું છે.

મેડિકલ સ્ટોર ખોલવા માટે રૂા. ૫૦ લાખનું દહેજ સાસરિયાએ માંગ્યું

પિયરમાંથી જંગી રકમ નહીં લાવતા પરિણીતાને ત્રાસ

સુરત

મેડિકલ સ્ટોર ખોલવા માટે રૂપિયા ૫૦ લાખની માંગણી કરનાર સાસરિયા સામે પરિણીતાએ ન્યાય માટે મહિલા પોલીસ સ્ટેશનની દરવાજા ખટખટાવ્યા હતા.

મહિલા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ચિત્રકૂટ સોસાયટીમાં રહેતાં ભાવિક રતિલાલ કેસુર રતિલાલ નાનજી કેસુર મીનાબેન રતિલાલ, પીયૂષ શાંતિલાલ, હેતલ પીયૂષ નિલમ રતિલાલ વિરુદ્ધ પરિણીતાએ આપેલી ફરિયાદ મુજબ લગ્નના બે માસ બાદ પતિ સહિતની સાસરિયાએ શારીરિક- માનસિક ત્રાસ ગુજારવાનું શરૂ કરી મેડિકલ સ્ટોર શરૂ કરવા માટે રૂપિયા ૫૦ લાખની માંગણી કરી મારઝૂડ કરવામાં આવતી હતી. અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતી હતી. મહિલા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પેકેઝ્ડ ડ્રિંકિંગ વોટરના કારખાનાઓમાં તપાસ

સુરત

ડેપ્યુ. કમિશનર હેલ્થ અને હોસ્પિટલ તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ ઉનાળાની સીઝનને ધ્યાને રાખી તા.૨૫-૪-૨૦૧૯નાં રોજ ફુડ વિભાગના ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા સુરત શહેર વિસ્તારમાં આવેલ પાણીના પ્લાન્ટની સ્થળ તપાસ કરી પેકેઝ્ડ ડ્રિંકિંગ વોટરના કુલ નવ નમૂના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે. જેનો રિપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે. આરોગ્ય વિભાગ દ્વારા દેવાંગી બેવરેજીસ, હર્ષ બેવરેજીસ, આસમાની સેલ્સ કોર્પોરેશન, સીટી મીનરલ વોટર, શીખા એન્ટરપ્રાઈઝ, ફ્લોરા વોટર, ફ્લોરા વોટર, ભવાની હેલ્થ કેર અને સ્વીટ વોટરનો સમાવેશ થાય છે.

બે બાળકોએ પાણીના બદલે મીલમાં વપરાતી ડાઈ પી જતાં તબિયત લથડી

સુરત,

પાંડેસરા વિસ્તારમાં બે બાળકો મીલમાં વપરાતી ડાઈ પી જતાં તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. પાંડેસરાના લક્ષ્મીનગર હાઉસિંગમાં રહેતા અનમોલ બેરેન્દ્ર મિશ્રા ઉ.વ.આ.૫ અને કૃષ્ણા ઉ.વ.આ.૮ના પિતા ઉઝાલા ડાઈંગ મીલમાં મેઈન્ટેન્સ ઓપરેટર છે. મૂળ યુપીના જૌનપુરના વતની અમીતાબેન અને બિરેન્દ્ર શર્મા બાળકોને સિવિલ હોસ્પિટલ લઈ આવ્યાં હતાં. બન્ને બાળકો તાપમાં તરસના કારણે પાણીની જગ્યાએ કપડા ધોવાના અને મીલમાં વપરાતી ડાઈ પી જતાં તેમને સિવિલમાં બોળકોના વોર્ડમાં દાખલ કરી વધુ સારવાર આપવામાં આવી રહી છે.

સંસ્કૃત વિદ્વાન ડૉ. નરેશ ભટ્ટનો સન્માન સમારંભ

વલસાડ

શ્રી વિધામૃત વર્ષિણી પાઠશાળા તથા અન્યક સામાજીક-સાંસ્કૃવતિક સંસ્થાકઓના ઉપક્રમે ભારત સરકાર દ્વાદશ જયોતિર્લિંગ સમિતિ દ્વારા રાષ્ટ્રિ ય સ્તભરે પુરસ્કૃત 'સંસ્કૃઓત વિદ્વાન' અને રાજય સ્ત.રે સંસ્કૃદત સાહિત્યસ અકાદમી દ્વારા સન્મા નીત ગુજરાત રાજય દ્વારા 'યજુર્વેદ પંડિત' પુરસ્કોર પુરસ્કૃતત, સંસ્કૃદત, સંસ્કાઅરી તથા સંસ્કૃ?તી યોગમાર્ગ પ્રચારક ડૉ.નરેશ ભટ્ટને સન્મોનવાનો સમારંભ તા. ૨૭-૦૪-૨૦૧૯ ના રોજ સાંજે ૦૫.૩૦ કલાકે, શ્રી મોરારજી દેસાઈ ઓડિટોરીયમ હોલ ખાતે યોજાશે. આ સમારંભના પ્રમુખ ડૉ.ગૌતમભાઈ પટેલ સાહિત્યઉ અકાદમી ગુજરાત, વિશિષ્ટે મહેમાન સુશ્રી મેઘા જોશી, તથા આશીર્વચન આપવા મુનીશ્રી જીનચંદ્રજી, બંધુત્રિપુટી હાજર રહેશે.

કતારગામમાં સાસરિયાના ત્રાસથી પરિણીતાનો આપઘાત

આપઘાતની દુષ્પ્રેરણા અંગે સાસરિયા વિરુદ્ધ ગુનો દાખલ

સુરત

સાસરિયાના ત્રાસથી પરિણીતાએ આપઘાત કરતા મૃતક પરિણીતાના પિતાએ સાસરિયા પક્ષ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આરોપી પતિ પ્રવીણ સોમાભાઈ રબારી, મણીબેન સોમાભાઈ, કેસરભાઈ સોમાભાઈએ ફીરયાદીની દીકરી ઉપર શારીરિક માનસિક ત્રાસ ગુજાર્યો હતો. આ ત્રાસને કારણે ફરિયાદીની દીકરીએ આપઘાત કર્યો હતો. મૃતક દીકરીના પિતાનાં પિતાની ફરિયાદ આધારે કતારગામ પોલીસે સાસરિયા પક્ષ સામે ગુનો દાખલ કરી પોસઈ એ.કે. ભરવાડે તપાસ હાથ ધરી છે.



ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યભરમાં ગુજકેટ પરીક્ષા યોજાઈ રહીછે. સુરત શહેરના જુદા -જુદા ૭૨ કેન્દ્રો પર શાંતિપૂર્ણ રીતે પરીક્ષા યોજાઈ હતી. ધોરણ ૧૦ બોર્ડ બાદ એન્ટ્રન ટેસ્ટ આપતા વિદ્યાર્થીઓ તસવીરમાં નજરે પડે છે.

સુરતમાં ૭૨ કેન્દ્રોમાં ગુજકેટની જુદા-જુદા ત્રણ તબક્કામાં પરિક્ષા

એન્ટ્રન ટેસ્ટ માટે સુરતમાં કુલ ૧૬૭૪ વિદ્યાર્થીઓ નોંધાય છે

સુરત

ધોરણ ૧૨ ઉત્તીર્ણ કર્યા બાદ ડિગ્રી એન્યિનિયરીંગ તથા ડિગ્રી ડિપ્લોમાં ફાર્મસીમાં જવા ઈચ્છનાર વિદ્યાર્થીઓ માટે આજે રાજ્ય સરકાર દ્વારા ગુજકેટની પરીક્ષા આયોજિત કરી છે. સુરત શહેરમાં ૭૨ પરીક્ષા કેન્દ્ર પર ૧૬૭૪ પરીક્ષાર્થીઓ નોંધાયા છે.

સુરત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા મળતી માહિતી મુજબ આજે સમગ્ર રાજયમા ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી. સવારથી જ સાંજ સુધી ત્રણ તબક્કામા ગુજકેટની પરીક્ષા લેવાઈ. સવારે ૧૦ થી ૧ના સમયગાળા દરમિયાન ફિઝિકસ અને કેમેસ્ટ્રીનો પેપર હતો. બીજી પરીક્ષા બપોરે ૧ થી ૨ સુધી બાયોલોજી વિષયની હતી અને ત્રીજો તબક્કો બપોરે ૩ થી ૪ દરમિયાન મેથ્સની પરીક્ષા લેવામાં આવી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ઉત્તીર્ણ કરનારા વિદ્યાર્થીઓએ ડિગ્રી એન્જિનિયરીંગ અને ડિગ્રી-ડિપ્લોમાં ફાર્મસી ગુજરાતની કોલેજોમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા ફરજિયાત પાસે કરવાની હોય છે. આજે ૨૬ મી એપ્રિલના રોજ સમગ્ર રાજ્યમાં એક સાથે ગુજકેટની પરીક્ષા યોજાઈ સુરતમાં ૭૨ બિલ્ડિંગ બિલ્ડિંગો ખાતે ૮૩૯ બ્લોકમાં સવારે ૧૦ થી સાંજે ૪ વાગ્યા સુધી ત્રણ તબક્કામાં પરીક્ષા લેવામાં આવી હતી. સુરત ખાતે ગુજકેટની પરીક્ષામાં ૧૬૭૪ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. સવારથી શાંતિપૂર્વક પ્રસરતા પોલીસ બંદોબસ્ત સાથે ગુજકેટની પરીક્ષા શરૂ થઈ હતી.

દહેજનાં રૂપિયાથી લહેર કરતા પતિએ પત્નીને ઘરમાંથી કાઢી મૂકી

સુરત

સુરતના કતારગામમાં ધોળકિયા ગાર્ડન પાસે પટેલ કોમ્પ્લેક્સમાં રહેતા મેઘનાબેનના લગ્ન ૨-૩-૧૪ના રોજ ભૃગેશ ભાવેશભાઈ રવાણી અમદાવાદના રહેવાસી સાથે થયા હતા. લગ્નના એક માસ પતિ અને સાસુ સસરાએ દહેજ અંગે ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. ઘરકામ બાબતે પણ મહેણાં ટોણા મારી તેઓ અત્યાચાર ગુજારતા હતા. સાસરિયાંઓના ટોર્ચરિંગથી કંટાળી મેઘનાબેન એચડીએફસી બેંકના લોન વિભાગમાં નોકરીએ જોડાયા હતા.

સેલેરીની રકમ પણ સાસરિયાં પચાવી પાડતા હતા. દહેજની રકની સાથોસાથ તેઓ પિયરિયાએ આપેલી એફડીની રકમ પણ ઉપાડી લીધી હતી. ત્યારબાદ પતિએ ઓસ્ટ્રેલિયા જવાની જીદ પકડી પિયરથી નાણાં લઈ આવવા મેઘનાબેન ઉપર ભારે દબાણ કર્યું હતું. દરમિયાન મેઘનાબેનના પતિએ મેઘનાને સાથે લઈ જવાની શરતે ઓસ્ટ્રેલિયા જવા માટે ભૃગેશને ૮ લાખ આપ્યા હતા.

જેના થકી ભૃગેશે સ્ટુડન્ટ વિઝા અને મેઘનાના ડેપેન્ડન્ટ વિઝા મેળવી ગત તા. ૧૬-૨-૧૯ના રોજ ઓસ્ટ્રેલિયા ગયા હતા. જ્યાંથી ભૃગેશે યેનકેન પ્રકારે સપ્તાહમાં મેઘનાને ફરી સુરત મોકલી આપી હતી. તેણી અમદાવાદ સ્થિત સાસરીમાં ગઈ તો સાસુ સસરાએ તેણીને ઘરમાંથી કાઢી મૂકી હતી. બીજી તરફ ઓસ્ટ્રેલિયામાં રહેતો પતિ ભૃગેશ છૂટાછેડા લેવા દબાણ કરતો હતો અને કોલ પણ કરતો ન હતો. હાલ કતારગામ પોલીસમાં પતિ ભૃગેશ રવાણી, સસરા ભાવે રવાણી અને સાસુ ભાવના રવાણી સામે ફરિયાદ કરી છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ આર્ટ વર્ક માટે સમર કેમ્પનું આયોજન

સમર કેમ્પમાં વહેલા તે પહેલાંના ધોરણે નામ નોંધાશે

સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે તથા ચોક સ્થિત કિલલા ખાતે આગામી વેકેશનમાં મે ૨૦૧૯ દરમ્યાન સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં બે વયગ્રુપનો સમાવેસ કરવામાં આવશે એ ગ્રુપમાં પેપર આર્ટ, વેસ્ટમાંથી બેસટ, દિવડા પેઈન્ટિગ એન્વેલેપ મેકિંગ, બેગ પેઈન્ટિંગ તથા બી ગ્રુપમાં બેઝીગ એસ્ટ્રોનોમી, નો યોર પ્લેનેટ્સ નો યોર ઝોડીયાક, ફેઝીસ ઓફ મુન-સીઝન્સ, નેનો સન-મીરર બોલ, ટેલિસ્કોપ, એસ્ટ્રોનોમી સોફ્ટવેર, એસ્ટ્રોનોમી જનરલ એન્ડ કવીઝ, બેઝીક ફીઝીક્સ પ્રયોગો, બેઝીક એરોનોટીક્સ, મેજીક બોક્સ, હોલોગ્રામ, ફાઉન્ટેઈન, નાઈટ લેમ્પ, એમ્બ્રોઈડરી ક્વીલિંગ, પેપર આર્ટ, મોડેલ રોકેટ અને કેલીગ્રાફીનો સમાવેશ થાય છે.

આ સમર કેમ્પ તા.૧-૫-૨૦૧૯ થી તા.૧૦-૫-૨૦૧૯ સુધી કાર્યરત રહેશે. આ સમર કેમ્પમાં વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે. સમર કેમ્પમાં જોડાવા ઈચ્છતા બાળકો તા.૧૬-૪-૨૦૧૯ થી તા.૨૮-૪-૨૦૧૯ સુધીમાં સવારે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ વાગ્યા દરમ્યાન સાયન્સ સેન્ટર સુરત સીટીલાઈટ રોડ તથા ચોક સ્થિત કિલ્લા ખાતેથી ફોર્મ મેળવી તા.૨૮-૪-૨૦૧૯ સુધીમાં સાયન્સ સેન્ટર સુરત તથા કિલ્લા ખાતે ૧૧.૦૦ થી સાંજે ૪.૦૦ દરમિયાન જમા કરવાના રહેશે. સાયન્સ સેન્ટર તથા કિલ્લો દર સોમવારે બંધ રહેશે.

રવિ તેજાની સાથે કામ કર્યા બાદ વધુ સક્રિય

ઈલિયાના ડી ક્રુઝ વધુ તેલુગુ ફિલ્મ કરવા માટે ઈચ્છુક છે

મુંબઈ

બોલિવુડની લોકપ્રિય સ્ટાર અભિનેત્રી ઈલિયાના ડી ક્રુઝ હવે ફરી દક્ષિણ ભારતની ફિલ્મોમાં ધુમ મચાવવા માટે તૈયાર છે. તેની રવિ તેજા સાથેની ફિલ્મ અમર અકબર એન્થોનીને સારી સફળતા મળ્યા બાદ તેની પાસે નવી ઓફર પણ આવી રહી છે. આ અમર અકબર એન્થની નામની ફિલ્મ ગયા વર્ષે દેશભરમાં રજૂ કરવામાં આવી હતી. લાંબા સમય બાદ તે ફરી રવિ તેજા સાથે જોડી જમાવવામાં સફળ રહી હતી. બરફી ફિલ્મ સાથે બોલિવુડમાં પ્રવેશ કર્યા બાદ દક્ષિણ ભારતની ફિલ્મમાં નહીંવત દેખાયા બાદ હવે સાત વર્ષના ગાળા બાદ ફરી એકવાર દક્ષિણ ભારતની ફિલ્મમાં કામ કરી ચુકી છે. ઈલિયાના છેલ્લે ૨૦૧૨માં દક્ષિણ ભારતની ફિલ્મમાં દેખાઈ હતી. ત્યારબાદ તે સતત બોલિવુડ ફિલ્મમાં કામ કરી રહી હતી. ઈલિયાના મોટા પ્રોજેક્ટમાં નજરે પડનાર છે. હવે તેની પાસે અન્ય દક્ષિણ ભારતની ફિલ્મો આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. લોકપ્રિય અભિનેત્રી ઈલિયાના ડીક્રુઝ પાસે હાલમાં પાગલપંથી નામની હિન્દી ફિલ્મ પણ છે. તે છેલ્લે અજય દેવગનની સાથે રેડ ફિલ્મમાં ચમકી હતી. જે બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી. તેના લગ્નને લઈને હાલમાં સતત હેવાલો આવ્યા છે. જો તે તે કોઈ ટિપ્પણી આને લઈને કરી રહી નથી. ઈલિયાના ડી ક્રુઝે પોતાની બોલિવુડ કેરિયરની શરૂઆત રણબીર કપુર સાથે બર્ફી ફિલ્મ મારફતે કરી હતી. આ ફિલ્મમાં તેની ભૂમિકાની પ્રશંસા થઈ હતી. તે કોઈ ચમત્કારથી ઠીક થઈ નથી. હાલમાજ રજૂ થયેલી રેડ અને તેના પહેલા બાદશાહો ફિલ્મમાં તે અજય દેવગનની સાથનજરે પડી હતી. ફિલ્મમાં અજય સાથે તેની જોડીની પ્રશંસા થઈ હતી. આ ફિલ્મને સરેરાશ સફળતા પણ મળી હતી. ઈલિયાના તે પહેલા અક્ષય કુમારની સાથે રૂસ્તમ ફિલ્મમાં પણ નજરે પડી હતી. જે બોક્સ



ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. તેને સારા કલાકારો સાથે રોલ મળ્યા છે. ઈલિયાના પોતાની કેરિયરમાં ખરાબ સમયમાંથી પણ પસાર થઈ ચુકી છે. થોડાક સમય પહેલા ઈલિયાનાએ એવો ખુલાસો કરીને તમામને ચોંકાવી દીધા હતા કે એક વખતે તે એટલી હદ સુધી ડિપ્રેશનમાં પહોંચી ગઈ હતી કે તે આત્મહત્યા અંગે વિચારતી રહેતી હતી.

પોતાના સંઘર્ષ અનવે ડિપ્રેશનના સંબંધમાં વાત કરતા ઈલિયાનાએ કહ્યુ છે કે ડિપ્રેશન એકદમ સાચી બાબત છે. તેનુ કહેવુ છે કે ડિપ્રેશન દિમાગમાં એક પ્રકારની કેમિકલ અસમાનતા છે. તેની સારવાર કરવામાં આવે તે જરૂરી છે. ઈલિયાનાને પહેલા પણ રવિ તેજા સાથે કામ કરી ચુકી છે. તમામ પ્રકારની કુશળતા હોવા છતાં ઈલિયાના બોલિવુડમાં અપેક્ષા કરતા ઓછી સફળતા હાંસલ કરી શકી છે. તે કેટલીક મોટી ફિલ્મ કરી ચુકી છે. જેમાં બાદશાહો, રૂસ્તમ અને મે તેરા હિરો ફિલ્મનો સમાવેશ થાય છે. જો કે દક્ષિણ ભારતની ફિલ્મમાં તે સુપર સ્ટાર તરીકે રહી છે. દક્ષિણમાં તેની પાસે ફિલ્મો વધારે છે. તમામ સુપરસ્ટાર સાથે તે સાઉથની ફિલ્મમાં દેખાઈ છે. પડી હતી.

રિષભ પંત આગામી ૧૫ વર્ષો સુધી ભારત માટે રમશેઃ સૌરવ ગાંગુલી



કોલકતા

પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ કહ્યું કે, રિષભ પંતને વિશ્વ કપમાં જનારી ભારતીય ટીમમાં જગ્યા ન મળવી નિરાશાજનક હોઈ શકે છે, પરંતુ આ ૨૧ વર્ષનો ખેલાડી ઘણા વિશ્વ કપ રમશે અને ઓછામાં ઓછા ૧૫ વર્ષો સુધી રાષ્ટ્રીય ટીમની જર્સી પહેરશે. બીજા વિકેટકીપરના વિકલ્પ તરીકે રિષભ પંતની જગ્યાએ દિનેશ કાર્તિકને વિશ્વ કપની ટીમમાં પસંદ કરવામાં આવ્યો છે.

ગાંગુલીએ એક કાર્યક્રમના સાઈડમાં કહ્યું, ધોની હંમેશા રમશે નહીં. દિનેશ કાર્તિક પણ હંમેશા રમશે નહી. રિષભ આગામી સારો વિકેટકીપર છે. ચોક્કસપણે રિષભ ભવિષ્ય છે. તેમણે કહ્યું, તેની પાસે ૧૫-૧૬ વર્ષ છે. મને નથી લાગતું કે આ મોટો ઝટકો છે. મને નથી લાગતું કે આ એક સમસ્યા છે. તે ભલે આ વિશ્વ કપમાં નહી રમે પરંતુ બાકી અન્ય વિશ્વ કપમાં રમશે. તેના માટે બધુ સમાપ્ત થયું નથી.

પરંતુ દાદા માને છે કે ૩૦ મેથી શરૂ થતાં વિશ્વ કપ માટે વિશ્વ કપ માટે આ યોગ્ય સંતુલિત ટીમ છે. તેમણે કહ્યું, લગભગ હું તેને પસંદ કરી લેત (પસંદગીકાર હોવા પર) પરંતુ મને લાગે છે કે દિનેશ કાર્તિક પણ સારો છે. મને લાગે છએ કે આ સારી ટીમ છે. મને નથી લાગતું કે, કોઈ ખેલાડીની અનદેખી કરવામાં આવી છે. રિષભનું હોવું સારૂ હોત પરંતુ વસ્તુ આમ ચાલે છે.

ધોનીથી વધારે કોઈ ક્રિકેટરે દેશની સેવા નથી કરી: કપિલ દેવ

નવીદિલ્હી

પોતાની કેપ્ટનશીપમાં ભારતને ૧૯૮૩માં પહેલો વર્લ્ડકપ જીતડનારા પૂર્વ કેપ્ટન કપિલ દેવે મહેન્દ્ર સિંહ ધોનીની પ્રસંશા કરી છે. મહેન્દ્ર સિંહ ધોનીએ દેશને ૨૦૦૭ અને ૨૦૧૧ એમ બે વર્લ્ડકપ અપાવ્યા છે. ધોની હાલ પોતાની કેરિયરના અંતિમ પડાવ પર છે છતાં પરફોર્મન્સમાં કોઈ જ કમી દેખાતી નથી. કપિલ દેવના મનમાં ધોની માટે આજે પણ ભરપૂર સન્માન છે.



એક ઈન્ટરવ્યૂમાં કપિલ દેવે કહ્યું કે, 'મને ધોની વિશે કંઈ જ નથી કહેવું, હું સમજુ છું કે તેને દેશની બહુજ સેવા કરી છે અને આપણે તેનું સન્માન કરવું જોઈએ.'

કપિલે કહ્યું કે, કોઈ નથી જાણતુ ધોની કેટલુ ક્રિકેટ રમવા માંગે છે અને તેનુ શરીર ક્યાં સુધી કામનો ભાર ઝીલી શકશે. પણ કોઈપણ એવો ક્રિકેટર નથી, જેને ધોની જેટલા દેશની સેવા કરી હોય. આપણે તેનુ સન્માન કરવુ જોઈએ અને તેને શુભકામના આપવી જોઈએ. હું આશા રાખુ છું કે તે આ વખતે પણ વર્લ્ડકપ જીતશે.

નોંધનીય છે કે, કપિલ દેવે વર્ષ ૧૯૮૩માં દેશને પહેલો ક્રિકેટ વર્લ્ડકપ અપાવ્યો હતો, કપિલ ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦ વિકેટ લેનારા અને ૫૦૦૦ રન બનાવનારો એકમાત્ર ક્રિકેટર છે.

ભારતીય ટીમ વિતેલા કેટલાક વર્ષોથી સારું પ્રદર્શન કરી રહી છે : દ્રવિડ

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન રાહુલ દ્રવિડનું માનવું છે કે, ભારતીય ટીમ વિતેલા કેટલાક વર્ષોથી સારું પ્રદર્શન કરી રહી છે. તેમણે સાથે એ પણ કહ્યું કે, ટીમના વર્લ્ડ કપ અભિયાન પર ઓસ્ટ્રેલિયા સામે સીરીઝ હારની કોઈ અસર નહીં થાય.



દ્રવિડે જણાવ્યું કે, "હકીકતમાં ભારતે છેલ્લા ૩૦ મહિનામાં ઘણું સારું પ્રદર્શન કર્યું છે. ઑસ્ટ્રેલિયા સામેની હારનું કારણ સીરીઝની વ્યસ્તતા હોઈ શકે છે. આપણી પાસે વર્લ્ડ કપ માટે એક સંતુલિત ટીમ છે. જો ભારત વર્લ્ડ કપ જીતે છે તો આપણે એ વાતની ચિંતા નહીં કરીએ કે ૨-૩ અથવા ૩-૨થી કોણ જીત્યું. આઈસીસી રેન્કિંગ સાબિત કરે છે કે ભારત ત્યાં છે. નંબર વન બનવા માટે વર્લ્ડ કપ જીતવો જોઈએ."

વર્લ્ડ કપ માટે ઋષભ પંત અને અંબાતી રાયડૂને ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી તે વિશે પુછવામાં આવતા દ્રવિડે કહ્યું કે, "ભારત પાસે આ વર્લ્ડ કપ માટે સારી અને સંતુલિત ટીમ છે.

દ્રવિડે સાથે એ પણ માન્યું કે આગામી ટૂર્નામેન્ટમાં હાઈ સ્કૉરિંગ મેચો હશે. તેમણે કહ્યું કે, "આ વર્લ્ડ કપ કદાચ વધારે સ્કોરિંગવાળો રહેશે અને ભારત આ માટે સારી રીતે તૈયાર છે. ઈંગ્લેન્ડની પરિસ્થિતિઓ હકીકતમાં બદલાઈ ગઈ છે, ખાસ કરીને વન ડે ક્રિકેટમાં. ગત વર્ષે અમે ત્યા છ સીરીઝમાં હતા અને ત્યાં હાઈ સ્કૉરિંગ મેચ થઈ હતી. ૩૦૦ ઉપરનો સ્કૉર સતત પીછો કરી રહ્યો હતો."

પ્રથમવાર બાયોપિક ફિલ્મમાં નજર આવશે કેટરીના, પ્રિયંકા ચોપડાને કરી રિપ્લેસ!

નવીદિલ્હી

મહેન્દ્ર સિંહ ધોની અને મેરી કોમની બાયોપિક બાદ બોલીવુડમાં ખેલાડીઓના જીવન પર ઘણી ફિલ્મ બની રહી છે. જાણવા મળી રહ્યું છે કે, દેશની મહાન ખેલાડીઓમાંથી એક પીટી ઉષા પર ફિલ્મ બનવા જઈ રહી છે. આ ફિલ્મ માટે પહેલા પ્રિયંકા ચોપડાને ફાઈનલ કરવામાં આવી હતી પરંતુ હવે ફિલ્મમાં કેટરીના કેફને લેવાના સમાચાર વાયરલ થઈ રહ્યાં છે. ડીએનએમાં પ્રકાશિત રિપોર્ટ પ્રમાણે ફિલ્મમેકર રેવતી એસ વર્મા આ ફિલ્મને ડાયરેક્ટ કરશે અને ફિલ્મમાં કેટરીના દેસી ગર્લ પ્રિયંકાને રિપ્લેસ કરી શકે છે.

આ ફિલ્મની ખાસ વાત છે કે, પ્રિયંકા ચોપડાને આ બાયોપિક ઘણા વર્ષ પહેલા ઓફર કરવામાં આવી હતી. તે સમયે પ્રિયંકા ચોપડા મેરી કોમની બાયોપિકમાં વ્યસ્ત ચાલી રહી હતી. ત્યારબાદ હોલીવુડમાં એન્ટ્રી થયા બાદ પ્રિયંકા વ્યસ્ત કાર્યક્રમ ફિલ્મમાં આડો આવતો રહ્યો. હવે સમાચારોનું માન્યે તો ફિલ્મ માટે



કેટરીનાના નામની ચર્ચા છે. હવે જો આમ થયું તે કેટરીનાના ખાતામાં પ્રથમ બાયોપિક ફિલ્મ હશે.

ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રનું કહેવું છે કે બાયોપિક ઘણી ભાષામાં રિલીઝ થશે. ફિલ્મમાં પીટી ઉષાની જિંદગી સાથે જોડાયેલી ઘણી સિદ્ધિ દેખાડવામાં આવશે. પીટી ઉષાએ પોતાના રમતના કરિયરમાં ૧૦૧થી વધુ આંતરરાષ્ટ્રીય મેડલ્સ પોતાના નામે કર્યા છે. પીટી ઉષાને અર્જુન એવોર્ડની સાથે પદ્મ શ્રી પુરસ્કારથી પણ સન્માનિત કરવામાં આવી હતી. પીટી ઉષા આ દિવસોમાં રેલવેમાં ઓફિસર તરીકે કામ કરી રહી છે. આ સિવાય દેશના યંગ એખલીટ્સને પોતાના કરેલા એકેડમીમાં ટ્રેઈન પણ કરે છે.

મહત્વનું છે કે કેટરીના કેફ આ દિવસોમાં પોતાના નવા પ્રોજેક્ટસમાં વ્યસ્ત ચાલી રહી છે. તેની ફિલ્મ ભારત ઈદ પર ૫ જૂને રિલીઝ થશે.

અક્ષયકુમાર માની રહ્યો નથી ઈદ ૨૦૨૦માં સલમાન ખાન સાથે ટક્કર થશે

મુંબઈ

સુપરસ્ટાર સલમાન ખાન વિશે તો તમને ખબ જ હશે કે તેઓ ઈદમાં ધમાકો કરવા માટે દર વર્ષે તૈયાર રહે છે. આ વર્ષે પણ તેઓ ભારત માટે ચર્ચામાં છે. હવે ૨૦૨૦ની વાત કરીએ તો અક્ષય કુમાર તેમની સાથે સીધો પંગો લેવા માટે તૈયાર છે.

ઉલ્લેખનીય છે કે અક્ષય કુમારની ફિલ્મ સૂર્યવંશીને લઈ એલાન થયું હતું કે તેઓ આ ફિલ્મને ઈદ ૨૦૨૦ના રોજ રિલીઝ કરશે પરંતુ તે સમયે સલમાન ખાનની કોઈ ફિલ્મનું એલાન થયું નહોતું. બાદમાં સલમાન ખાને સંજય લીલા ભણસાલીની ફિલ્મ સાઈન કરી જેનું નામ ઈંશાલ્લાહ છે અને આ ફિલ્મમાં આલિયા ભટ્ટ તેમની સાથે જોવા મળશે. ઉલ્લેખનીય છે કે આ ફિલ્મને ઈદ ૨૦૨૦ માટે લૉક કરવામાં આવી છે.



ચોંકાવનાર વાત એ છે કે કરણ જોહર અને રોહિત શેટ્ટીએ પણ પોતાની ફિલ્મ સૂર્યવંશીની રિલીઝ ડેટમાં કોઈ બદલાવ કર્યો નથી.

તાજેતરમાં જ કરવામાં આવેલ એક ટ્વીટની વાત કરીએ તો કરણ જોહરે સ્પષ્ટ શબ્દોમાં એલાન કર્યું છે કે ફિલ્મ ૨૦૨૦ ઈદ સુધી રિલીઝ થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ફિલ્મમાં લીડ રોલમાં કેટરીના કેફ જોવા મળશે. કેટરીના કેફ લાંબા સમય બાદ અક્ષય કુમાર સાથે જોવા મળશે. હવે જોવાનું એ રહેશે કે ક્યાંક સલમાન ખાન આ હરકતથી સૂર્યવંશીની ટીમથી નારાજ ન થઈ જાય. વોન્ટેડ વોન્ટેડ ૨૦૦૯ની ઈદ પર રિલીઝ થયેલ આ ફિલ્મે ધમાકો કરી દીધો હતો અને સલમાન ખાન એક અલગ જ અંદાજમાં સામે આવ્યા હતા. દબંગ દબંગ ઈદ ૨૦૧૦માં દબંગ રિલીઝ થઈ હતી. ફિલ્મ જબરદસ્ત કમાણી કરી હતી. બૉડીગાર્ડ બૉડીગાર્ડ ફિલ્મ બૉડીગાર્ડ ઈદ ૨૦૧૧ના રોજ રિલીઝ થઈ હતી, ફિલ્મમાં સલમાન ખાન શાનદાર હતા. એક થા ટાઈગર એક થા ટાઈગર ૨૦૧૨ ઈદમાં આવેલ એક થા ટાઈગરે સૌથી વધુ ધમાકો કર્યો હતો. કિક કિક ૨૦૧૪ ઈદ પર રિલીઝ થયેલ કિકે શાનદાર કમાણી કરી હતી. જેના સીક્વલનો ઈંતેજાર છે. બજરંગી ભાઈજાન બજરંગી ભાઈજાન ફિલ્મ બજરંગી ભાઈજાન ૨૦૧૫માં રિલીઝ થઈ હતી. સલમાન ખાનની સૌથી શ્રેષ્ઠ ફિલ્મ સાબિત થઈ. સુલતાન શું તમારો ક્રેડિટ સ્કોર ૫૦૦ ની નીચે છે? અહીં મફત માટે ચકાસો. વજન ઘટાડો સોલ્યુશન - ૩૦ દિવસમાં ૨૮ કિલો ઘટાડો શું તમારો ક્રેડિટ સ્કોર ૫૦૦ ની નીચે છે? અહીં મફત માટે ચકાસો. સુલતાન ૨૦૧૬માં આવેલ સુલતાને કેટલાય કીર્તિમાન સ્થાપિત કર્યા હતા. ફિલ્મને અલી અબ્બાસ ઝફરે નિર્દેશિત કરી હતી.

ઝરવાણી ખાતે હર્બલ સ્પા બનશે, સ્થાનિકોને રોજગારી માટે હોમ સ્ટે બનાવાશે





સુલપાણેશ્વરના જંગલોની ઔષધિયોનો ઉપયોગ કરી વૈદિક પદ્ધતિથી જેમાં સારવાર માટે મસાજ કરવામાં આવશે
હોમ સ્ટે માટે ૧૦ થી વધુ ઘરોને ડેવલોપ કરાશે જેમાં પ્રવાસીઓ રોકાશે અને દેશી ભોજનની લિજજત માણશે

રાજપીપળા : નર્મદા પ્રવાસનને વેગ આપવા પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે હર્બલ સ્પા આગામી જુલાઈ થી શરૂ કરવામાં આવશે જેના માટે સ્થાનિક આદિવસી યુવાનોને તાલીમ આપી કુદરતી ઔષધીય વનસ્પતિ અને કુદરતી ઔષધિના તેલ દ્વારા સારવાર માટે માલીશ કરવામાં આવશે, અને પ્રવાસીઓ અહીંયા સ્પાની મઝા માણશે પછી નેચરલ વોટર પાર્કમાં સ્નાન કરશે અને મોઝ માણશે, આ સાથે વન વિભાગ દ્વારા એક નવું આકર્ષણ એવું હોમ સ્ટે પણ બનાવવાની શરૂઆત કરવામાં આવશે જેમાં ૧૦ જેટલા સ્થાનિક રહીશોના ઘરમાં પ્રવાસીઓ રહી શકે એક ગામડાની સાદગીનો આનંદ માણી શકે અને સ્વદેશી ભોજનનો સ્વાદ માણી શકે સાથે શહેર અને ગ્રામડાની સંસ્કૃતિનું આદાન પ્રદાન કરી શકે એ માટે અહીંયા હોમ સ્ટે પ્રવાસીઓ માટે ખુબ આકર્ષણ બની રહેશે.

અત્રે ઉલ્લખનીય છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ આ તમામ વિસ્તારને વિકસાવવા સૂચના આપી હતી અને તેમણે જ હર્બલ । શરૂ થાય તો વાસીઓને નવું આકર્ષણ લાગે જેવા સૂચનો આપ્યા હતા ત્યારે જેને લઈને ગુજરાત રાજયના આસી.ચીફ સેક્રેટરી ડો.રાજીવ ગુપ્તા અને અગ્ર મુખ્ય સંરક્ષક જી કે સીન્હાના દુરંદેશી વિચાર થી પ્રવાસીઓનું આકર્ષણ બનાવવું હર્બલ સ્પા અને હોમ સ્ટે બનાવવામાં આવી રહ્યા છે. મુખ્ય વન સંરક્ષક ડો.સસીકુમારના નેતૃત્વમાં નર્મદામાં વિવિધ આકર્ષણો ઉભા કરવામાં આવી રહ્યા છે. જે આ ચોમાસુ શરૂ થતાં પહેલાં ચાલુ કરી દેવાશે જે જોઈ પ્રવાસીઓની સંખ્યા પણ વધશે. આ બાબતે રેંજ ફોરેસ્ટ ઓફિસર વિરેન્દ્રસિંહ ધરીયાએ જણાવ્યું હતું કે આ હર્બલ સ્પા જે બનવાનું છે જેમાં આયુર્વેદ ને પ્રાધાન્ય આપી બીન ઓર્ગેનિક કોઈ વસ્તુ નાખવામાં આવશે નહિ એલોપેથિક કોઈ દવાનો ઉપયોગ કરવામાં આવશે નહિ. સ્થાનિક યુવાનોને તૈયાર કરીને અહી મળતી ઔષધિયોનો ઉપયોગ કરી.સારવાર માટે માલિશ કરવામાં આવશે ઓર્ગેનિક ઓઈલ દ્વારા ટ્રીટમેન્ટ આપવામાં આવશે સાથે વન વિભાગ દ્વારા સ્થાનિક આદિવાસી લોકોને રોજગારી આપવાનું પ્લાનિંગ કર્યું છે જેમાં એક સમિતિ બનાવવા આવશે જેમાં સ્થાનિક ગામોના યુવાનોને વન વિભાગ દ્વારા તાલીમ આપવામાં આવશે અને હોમ સ્ટે નું સંચનાલ કરશે સંસ્કુતિનું આદાન પ્રદાન થાશે આવક વધશે.

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામના નીલકંઠ વાસુકિયાએ જન્મ દિવસની અનોખી રીતે ઉજવણી કરી



સામુહિક આરોગ્ય કેન્દ્ર ગાંધી હોસ્પીટલમા બાલ સેવા કેન્દ્રના બાળકોને ફુટ બિસ્કીટનુ વિતરણ કરી ઉજવણી કરાઈ

ન્યુઝ વિરમગામ

સામાન્ય રીતે લોકો દ્વારા મોલ, હોટલ કે મલ્ટીપ્લેક્સમાં પરીવાર સાથે જઈને પોતાના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવતી હોય છે અને પરીવાર, મિત્રો સાથે હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવે છે. પરંતુ તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે ફરજ બજાવતા નીલકંઠ વાસુકિયાના અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. લેખક અને પત્રકારત્વ સાથે સંકળાયેલા નીલકંઠ વાસુકિયા ના જન્મદિવસ નિમિતે સામુહિક આરોગ્ય કેન્દ્ર ગાંધી હોસ્પીટલમા બાલ સેવા કેન્દ્રના બાળકોને ફુટ બિસ્કીટનુ વિતરણ કરી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વિરમગામ ના લેખક નીલકંઠ વાસુકિયા દ્વારા ગુજરાતના અનેક અખબારો અને વેબસાઈટ પર દર બુધવારે પ્રેમની વસંત બારેમાસ નામની કોલમમાં અવનવી પ્રેમ કહાની લખવામાં આવી રહી છે જે વાચકોના આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

સુરત મહાનગરપાલિકાને રિન્યુએબલ એનર્જી માટે હુડકોનો રાષ્ટ્રીય એવોર્ડ

દિલ્હીમાં મેયર જગદીશભાઈ પટેલને એવોર્ડ એનાયત કરાયો

સુરત

સુરત મહાનગરપાલિકા ને રિન્યુએબલ એનર્જી માટે એવોર્ડ ફરી એક વખત રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ મળ્યો છે, દિલ્હી ખાતે એક સમારોહમાં સુરતના મેયર અને માનપાના અધિકારીઓની ટીમે એવોર્ડ સ્વિકાર્યો હતો. હાઉસિંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા દેશભરની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ પ્રાકૃતિક ઉર્જા ક્ષેત્રે જે કામગીરી કરે છે, તેને ધ્યાનમાં લઈ એવોર્ડ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮-૧૯ માટે હુડકો દ્વારા દેશભરમાંથી નોમિનેશન મંગાવવામાં આવ્યા હતાં. જેમાં 'ટુ ઈમ્પ્રુવ ધ લિવિંગ એન્વાયરમેન્ટ' હેઠળ સુરત મહાનગરપાલિકાને અન્ડર ધ થીમ ઓફ એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ, એનર્જી કન્ઝર્વેશન એન્ડ ગ્રીન બિલ્ડિંગ માટે પંસદ કરવામાં આવી હતી. એટલે કે એનર્જી સિક્યુરિટી એફર્ટ માટે સુરત મનપાની પસંદગી કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે સુરત મહાનગર પાલિકા કામગીરી માટે જે ૧૦૦ ટકા વિજળીનો ઉપયોગ કરે છે તેમાં પવનચક્કી અને સૂર્ય ઉર્જાનો ૩૪ ટકા ભાગ છે. મનપા પવનચક્કીનો ૩૨ અને સોલર પાવરનો ૬ મેગાવોટનો પ્લાન્ટ ધરાવે છે. સુરત મહાનગર પાલિકા આગામી વર્ષમાં વધુ ૨ મેગાવોટનો રૂફટોપ સોલાર પ્લાન્ટ નાંખવા જઈ રહી છે, જેથી કુલ ઉત્પાદન ૮ મેગાવોટ પર પહોંચશે. એક મેગાવોટનો પ્લાન્ટ નાખવાનો કેપિટલ ખર્ચા ૬ થી ૭ વર્ષમાં પાછો મળી જાય છે, સામાન્ય રીતે સોલાર પેનલની લાઈફ ૨૫ વર્ષની હોવાથી લાંબા ગાળે ફાયદો થતો હોય છે. રૂફટોપ સોલારથી મનપાને વાર્ષિક રૂ.૫.૨ કરોડનો લાભ થાય છે. રૂફટોપ સોલાર ઉપરાંત વિન્ડ પાવરમાં ૩૨ મેગાવોટ અને બાયોગેસમાં ૫ મેગા વોટ વિજળીનું ઉત્પાદન કરી પાલિકા વર્ષે ૪૫ કરોડની બચત કરે છે.

આગામી વર્ષોમાં મનપા ૫૦ ટકા જેટલો વીજ વપરાસ પ્રાકૃતિક સ્ત્રોત સુધી લઈ જવાનું આયોજન કરી રહી છે, જે હાલ ૩૪ ટકા છે. સુરત મહાનગરપાલિકા દેશની પ્રથમ મહાનગરપાલિકા છે જેને હવા, પાણી અને સુર્યપ્રકાશથી વિજળીનું ઉત્પાદન કરી પોતાનો આર્થિક બોજો ઘટાડી રહી છે. એક તરફ મહાનગરપાલિકા સોલાર એનર્જીનો ઉપયોગ કરી પોતાનો આર્થિક બોજો ઘટાડી રહી છે, તો બીજી તરફ સુરત શહેરના નગરિકો પણ સોલાર એનર્જીનો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે.

ઝઘડીયામાં મૂકબધિર કિશોરી પર બળાત્કાર કરનારને આજીવન કેદ

આરોપી અશોક વસાવાને દોષિત ઠેરવતી ભરૂચ કોર્ટ

ભરૂચ

ભરૂચ જીલ્લાના ઝઘડિયા ખાતે જન્મથી મુંગી અને બેહરી ૧૧ વર્ષીય બાળકી પર દુષ્કર્મ આચરનાર આરોપી અશોક વસાવાને ભરૂચ પોસ્કો કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

એ યાદ રહે કે અશોક બાળકી પર પોતાના ઘરેથી થોડ દુર ખેતરમાં પગદંડી વાળા રસ્તા થઈ ઝાડી તરફ કુદરતી હાજતે ગયેલ હતી તે દરમિયાન તેના પર દુષ્કર્મ આચ્યું હતું આ ઘટના બાદ બાળકીની માતાએ ઝઘડિયા પોલીસ મથક ખાતે આ બનાવની ફરિયાદ નોંધાવી હતી પોલીસે આ બાબતની તપાસ કરી ભારતીય કાયદાની કલમ હેઠળ ગુના દાખલ કરી ચાર્જશીટ અદાલતમાં દાખલ કરી હતી.ત્યારબાદ આ કેસ ભરૂચ પોકસો અદાલતમાં આવતા જીલ્લા સરકારી વકીલ તથા પબ્લિક પ્રોસિક્યુટર રૂગેશ જે દેસાઈએ હાજર રહી દલિલો કરી કેસ ચલાવ્યો હતો.

સરકારી વકીલ તથા પબ્લિક પ્રોસિક્યુટ રૂગેશ જે દેસાઈની દલીલો સાંભળી તેને ગ્રાહ્ય રાખી ભરૂચના એડિશનલ સેશન્સ જજ એસ વી વ્યાસે આરોપીને ફટકાર લગાવતા ારોપી પોતે ત્રણ સંતોનોનો પિતા હોવા છતાં એક ૧૧ વર્ષીય મુંગી તથા બેહરી બાળા સાથે દુષ્કર્મ કરનાર આવા ક્રુર અપરાધ અંગે સમાજમાં દાખલો બેસે તેવી મહત્તમ ભારતીય દંડ સહિતાની કલમ હેઠળ મૃત્યુપર્યત આજીવન કેદ એટલે કે છેલ્લા શ્વાસ સુધીની આજીવન કેદની સજા ફરમાવી હતી.

આશારામ વિરૂદ્ધ બળાત્કારનો ખટલો અમદાવાદ કોર્ટમાં ચાલે છે

જોધપુરના કેસમાં આશારામને આજીવન કેદની સજા થઈ છે

સુરત

શહેરની બે પીડિતા દ્વારા આશારામ બાપુ અને તેમના પુત્ર નારાયણ સાંઈ સામે જહાંગીરપુરા પોલીસ મથકમાં બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે આશારામ બાપુ સામેની બળાત્કારની ફરિયાદ ઝીરો નંબરથી અમદાવાદ ચાંદખેડા પોલીસ મથકમાં મોકલી આપી હતી. હાલ આશારામ બાપુ રાજસ્થાન જોધપુર જેલમાં છે. અમદાવાદ ચાંદખેડા પોલીસ મથકના પોલીસ અધિકારીને આશારામ સામે ચાર્જશીટ રજૂ કરી દેતા કેસની ટ્રાયલ ચાલવા પર હોવાનું જાણવા મળે છે.

ચાંદખેડા પોલીસ મથકમાં ઝીરો નંબરથી જહાંગીરપુરા પોલીસ સ્ટેશન મારફતે મોકલાવેલી આશારામ બાપુ વિરૂદ્ધની બળાત્કારની ફરિયાદમાં પોલીસે આશારામ બાપુની જોધપુર જેલમાંથી ધરપકડ કરી તેમનું મેડીકલ એક્ઝામિનેશન પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેઓને જોધપુર જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા. હાલમાં તેમની અમદાવાદ કોર્ટમાં સુરતની પીડિતાના બળાત્કારના મામલે કેસની ટ્રાયલ ચાલુ છે.

રાજપીપળા શહેરમાં આકરી ગરમીમાં મેન્ટેનન્સ માટે શનિવારે દસ કલાક વીજ પુરવઠો બંધની જાહેરાતથી લોકોમાં રોષ

છાસવારે મેન્ટેનન્સના નામે રજાના દિવસોએ આખો દિવસ લાઈટો બંધ રાખતા વીજ કંપનીના અધિકારીઓ ક્યારેક સરકારી ઓફિસો ખુલ્લી હોય એ સમયે બંધ રાખે તો અધિકારીઓને ખબર પડે કે ગરમીમાં આમ જનતાની શું હાલત થાય

રાજપીપળા : નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે વારંવાર મેન્ટેનન્સ ના નામે આખો દિવસ વીજ પુરવઠો બંધ રાખતા વીજ કંપનીના અધિકારીઓ કેટલું અને કેવું મેન્ટેનન્સ કરે છે એ સમજાતું નથી એક તરફ ૪૨ થી ૪૩ ડિગ્રી આકરી ગરમીમાં લોકો સેકાઈ રહ્યા હોય ત્યાં શનિવારે ફરી મેન્ટેનન્સ માટે સવારે ૮ થી સાંજે ૬ વાગ્યા સુધી રાજપીપળા શહેરમાં વીજ પુરવઠો બંધ રાખવાની જાહેરાત થી લોકો અકળાઈ ઉઠ્યા છે

ગામના જાગૃત લોકોનું કહેવું છે કે શનિ રવિવારની રજા હોય સરકારી ઓફિસો બંધ હોય ત્યારેજ લાઈટો આખો દિવસ બંધ રાખી વીજ કંપની મરામત કરે છે જેમાં આમ જનતા ગરમીના આકરા પ્રકોપનો ભોગ બને છે ત્યારે આખો દિવસ એસી ચેમ્બરોમાં બેસી ઠંડક મેળવતા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ આવા દિવસે બહાર જતા રહે છે માટે ચાલુ દિવસે જો વીજ કંપની વીજ પુરવઠો બંધ રાખે ત્યારેજ આ અધિકારીઓને આમ જનતા ની તકલીફનો અંદાજ આવશે કે બે કલાક પણ પંખા કે એસી વગર શું હાલત થાય છે પરંતુ સરકારી કચેરીઓમાં રજા હોય એ દિવસેજ આમ જનતાને વારંવાર મેન્ટેનન્સ ના નામે હેરાન કરતા વીજ કંપનીના અધિકારીઓ છાસવારે આ રીતે વીજ પુરવઠો બંધ કરવાના બદલે વર્ષમાં એક બે વખત યોગ્ય કામગીરી પૂર્ણ કરે એવી માંગ છે .

નારાયણ સાંઈ વિરદ્ધ ઓક્ટોબર-૨૦૧૩માં જહાંગીરપુરા પોલીસમાં ગુનો નોંધાયો હતો

તા. ૪ ડિસેમ્બર ૨૦૧૩માં નારાયણ સાઈની દિલ્હી-હરિયાણા બોર્ડર પરથી ધરપકડ કરાઈ હતી : નારાયણ સાંઈ ૬૪ મહિનાનથી લાજપોર જેલમાં છે

સુરત

નારાયણ સાંઈ સામે સુરતની યુવતી સાથે દુષ્કર્મ આચર્યાની જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં ૬ ઓક્ટોબર ૨૦૧૩નાં રોજ ફરિયાદ નોંધાઈ હતી. જેને લઈને ૪ ડિસેમ્બર ૨૦૧૩નાં રોજ હરિયાણાનાં કુરુક્ષેત્રામાંથી નારાયણ સાંઈની ધરપકડ કરવામાં આવી હતી અને છેલ્લાં સાડા પાંચ વર્ષથી તેની સામે કેસ ચાલી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે તમને જણાવી દઈએ કે સુરતની એક મહિલા સાથે બળાત્કારનાં આરોપમાં ફરાર થયેલાં નારાયણ સાંઈની દિલ્હી-હરિયાણાની બોર્ડર પરથી ધરપકડ કરવામાં આવી હતી. આસારામ બાપૂનાં પુત્ર નારાયણ સાંઈ વેશ બદલીને ફરતા હતાં. સુરત સ્થિત બે બહેનોએ આસારામ અને તેમનાં પુત્ર નારાયણ સાંઈ પર યૌન ઉત્પીડનાં આરોપ લગાવ્યાં હતાં. જ્યાર બાદ સુરત પોલીસે જહાંગીરપૂરા પોલીસ સ્ટેશનમાં ૬ ઓક્ટોબરનાં રોજ બંને વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. બંને બહેનોમાં નાની બહેને નારાયણ સાંઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આરોપ એવો હતો કે નારાયણ સાંઈએ ૨૦૦૨થી ૨૦૦૫ દરમિયાન સુરત આશ્રમમાં યુવતીનું સતત યૌન શોષણ કર્યું છે.

સુરતનાં જહાંગીરપુરા પોલીસ સ્ટેશનમાં બે ફરિયાદ નોંધાવ્યાં બાદ આસારામ વિરૂદ્ધ ફરિયાદને અમદાવાદનાં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં સ્થાનાંતરિત કરવામાં આવી. કારણ કે કથિત ઘટના એ જ વિસ્તારમાં થઈ હતી. બંને બહેનોમાંથી મોટી બહેને આસારામ પર ૧૯૯૭થી ૨૦૦૬ દરમિયાન સતત યૌન ઉત્પીડનનો આરોપ લગાવ્યો છે. તે સમયે તે અમદાવાદ શહેરનાં બહારી વિસ્તારમાં આશ્રમમાં રહેતી હતી. રાજસ્થાનનાં પોતાનાં જોધપુર આશ્રમમાં એક કિશોરીનાં યૌન ઉત્પીડન કરવાનાં આરોપમાં ૭૨ વર્ષીય આસારામની ઓગસ્ટમાં ધરપકડ કરવામાં આવી હતી અને તે હજી સુધી પણ છેલ્લાં ૬૪ મહીનાથી સતત જેલમાં જ છે.

મા-બાપે સગીર દીકરીના લગ્ન કરાવ્યાં બાદ પ્રેમી સાથે નાસી ગઈ

સુરત

ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં ગત ૧૪મીએ વિચિત્ર ફરિયાદ નોંધાઈ હતી. જેથી પોલીસે ભાગી ગયેલી સગીરા અને તેના પ્રેમીને ઝડપી લઈને અપહરણ અને દુષ્કર્મની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સગીરાના માતા પિતાએ જણાવ્યું હતું કે, તેઓ મૂળ બિહારના વતની છે. તેમને સંતાનોમાં ત્રણ દીકરીઓ છે. મોટી દીકરીના લગ્નની સાથે સાથેની નાની દીકરી કોઈ સાથે ભાગી ન જાય તે માટે તેના પણ લગ્ન કરાવી દીધા હતાં. લગ્ન બાદ સગીરા મુંબઈ સાસરે ગઈ હતી.

તેનો પતિ પત્નીને ભણાવવા ઈચ્છતો હોવાથી પિયર સુરતમાં તેને ભણવા બેસાડી હતી. બાદમાં સગીરાની સ્કૂલની આજુબાજુની સોસાયટીમાં કોઈ સાથે નજર મળી જતાં તે ગત ૧૨મી એપ્રીલથી તેની સાથે નાસી ગઈ હતી. બાદમાં પોલીસે બન્નેને કડોદરાથી ઝડપી લીધા હતાં. આજે સગીરાના મેડિકલ ટેસ્ટ માટે સિવિલ લાવ્યાં હાતં. પોલીસે હાલ અપહરણ અને દુષ્કર્મની ફરિયાદ નોંધી છે. સાથે જ પરિવારે કહ્યું કે ૧૪ વર્ષની ઉંમર છે એટલે મેડિકલ તપાસથી ઉંમરની ખરાઈ પણ કરવામાં આવી રહી છે.

બળાત્કાર કેસમાં નારાયણ સાઈને દોષિત જાહેર કરતી કોર્ટ





ચકચારીત નારાયણ સાંઈ બળાત્કાર કેસના ચુકાદા સંદર્ભે સુરત કોર્ટ સંકુલમાં સવારથી જ મોટી સંખ્યામાં પોલીસના જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા.

આગામી તા. ૩૦મીએ કોર્ટ સજાની સુનાવણી કરશે

સુરત

છેલ્લા ૬૪ મહિનાથી લાજપોર જેલમાં કાચા કામના કેદી તરીકે રહેતા અને બળાત્કાર કેસના આરોપી નારાયણ સાંઈ અને તેની સાથેના અન્ય ૧૦ આરોપીઓનો ટ્રાયલ પૂરી થતા અદાલતે આરોપી નારાયણ સાંઈને દોષિત જાહેર કર્યો હતો. કોર્ટ દ્વારા આગામી ૩૦મી એપ્રિલે સુધી સજા હુકમ સુરક્ષિત રાખવામાં આવ્યો છે. ૩૦મી એપ્રિલ સજા જાહેર કરવામાં આવશે. અન્ય પાંચ આરોપીઓને અદાલતે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ ગુનાની ઘનિષ્ઠ તપાસ ત્કાલિકન એસીપી મુન્શી દ્વારા કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બળાત્કાર કેસમા નારાયણ સાંઈને મદદગારી કરનાર અન્ય સેવકો ગંગા, જમના, હનુમાન અને ડ્રાઈવરને પણ અદાલતે દોષિત જાહેર કર્યાં છે.

શહેરની પીડિતા સાથે બળાત્કાર ગુજારવાના કેસમાં સંકળાયેલા મુખ્ય આરોપી નારાયણ સાંઈ ઉર્ફે મોટા ભગવાન સહિત ૧૦ આરોપીઓ સામેની ટ્રાયલ પુરી થતા શુક્રવારના રોજ આ કેસનો અંતિમ ચૂકાદો આવવાની શક્યતાઓ તથા આરોપીઓને કોર્ટ સમક્ષ હાજર રહેવાનું પણ અદાલતે જણાવ્યું હોવાનું બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ, વિનય શુકલા અને વિરલ ચલીયાવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, ગત તા. ૬ ઓક્ટોબર-૨૦૧૩ના રોજ જહાંગીરપુરા શહેરની પીડિતાએ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. જહાંગીરપુરા પોલીસ મથક બળાત્કારની બે ફરિયાદ નોંધાવામાં આવી હતી. જેમાં એક આશરામ બાપુ તથા પીજી નારાયણ સાંઈ સામે હતી. આશારામ બાપુ સામે નોંધવામાં આવેલ પોલીસ ફરિયાદ ઝીરો નંબરથી ચાંદખેડા પોલીસ મથક અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવી હતી. જ્યારે નારાયણ સાંઈ સામે નોંધવામાં આવેલી બળાત્કારની ફરિયાદમાં પોલીસે તપાસ શરૂ કરી હતી. ૫૮ દિવસ સુધી એક રાજયમાંથી બીજા રાજયમાં નાસતા-ફરતા નારાયણ સાંઈને સુરત અને દિલ્હી પોલીસે સંયુકત ઓપરેશન હાથ ધરી હરિયાણા કુરૂક્ષેત્ર ખાતેથી ઝડપી પાડયો હતો. પોલીસે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા બાદ લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. છેલ્લા ૬૪ મહિનાથી લાજપોર જેલમાં કાચા કામના કેદી તરીકે રહેતા નારાયણ સાંઈ અને તેની સાથે ૧૦ આરોપીઓ સામેની ટ્રાયલ પુરી થતા આ કેસનો અંતિમ ચુકાદો શુક્રવારના રોજ બપોરે ૧:૩૦ કલાકે જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, આરોપીઓનેશહેરની પીડિતા સાથે બળાત્કાર ગુજારવાના કેસમાં સંકળાયેલા મુખ્ય આરોપી નારાયણ સાંઈ ઉર્ફે મોટા ભગવાન સહિત ૧૦ આરોપીઓ સામેની ટ્રાયલ પુરી થતા શુક્રવારના રોજ આ કેસનો અંતિમ ચૂકાદો આવવાની શક્યતાઓ તથા આરોપીઓને કોર્ટ સમક્ષ હાજર રહેવાનું પણ અદાલતે જણાવ્યું હોવાનું બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ, વિનય શુકલા અને વિરલ ચલીયાવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, ગત તા. ૬ ઓક્ટોબર-૨૦૧૩ના રોજ જહાંગીરપુરા શહેરની પીડિતાએ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. જહાંગીરપુરા પોલીસ મથક બળાત્કારની બે ફરિયાદ નોંધાવામાં આવી હતી. જેમાં એક આશરામ બાપુ તથા પીજી નારાયણ સાંઈ સામે હતી. આશારામ બાપુ સામે નોંધવામાં આવેલ પોલીસ ફરિયાદ ઝીરો નંબરથી ચાંદખેડા પોલીસ મથક અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવી હતી. જ્યારે નારાયણ સાંઈ સામે નોંધવામાં આવેલી બળાત્કારની ફરિયાદમાં પોલીસે તપાસ શરૂ કરી હતી. ૫૮ દિવસ સુધી એક રાજયમાંથી બીજા રાજયમાં નાસતા-ફરતા નારાયણ સાંઈને સુરત અને દિલ્હી પોલીસે સંયુકત ઓપરેશન હાથ ધરી હરિયાણા કુરૂક્ષેત્ર ખાતેથી ઝડપી પાડયો હતો. પોલીસે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા બાદ લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. છેલ્લા ૬૪ મહિનાથી લાજપોર જેલમાં કાચા કામના કેદી તરીકે રહેતા નારાયણ સાંઈ અને તેની સાથે ૧૦ આરોપીઓ સામેની ટ્રાયલ પુરી થતા આ કેસનો અંતિમ ચુકાદો શુક્રવારના રોજ બપોરે ૧:૩૦ કલાકે જાહેર કરવામાં આવ્યો હતો. નેહા દીવાન અને અજય દીવાન તરફે એડવોકેટ વિનય શુકલાએ દલીલો કરી હતી. આ બન્ને આરોપીઓને અદાલતે નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો. આ ઉપરાંત મોહિત ભોજવાણી, ચિન્ટુ અને મોનિકાને અદાલતે નિર્દોષ જાહેર કર્યા હતા. દોષિત ઠરાવવામાં આવેલા આરોપીઓને અદાલત દ્વારા ૩૦મી એપ્રિલ ૨૦૧૯ના રોજ સજાનો હુકમ કરવામાં આવશે.

ગરુડેશ્વર માર્ગ ઉપર બે અલગ અલગ અકસ્માતમાં બે વ્યક્તિઓના મોત

તાલુકા પંચાયત પાસે એક રાહદારીને ઈકો ગાડી એ અડફેટમાં લેતા મોત જયારે કોયારી ચોકડી પાસે હોટલમાં જમી પરત ફરતા ઈકોના ચાલકે ગાડી પલટી ખવડાવતા મોત

રાજપીપળા : નર્મદા જિલ્લામાં એક અઠવાડિયામાં અકસ્માતમાં ઘણા લોકોના મોત થયા છે ત્યારે ગુરુવારે વધુ બે વ્યક્તિઓ ના અકસ્માતમાં મોત થયા હતા

પ્રાપ્ત વિગતો અનુસાર નર્મદા જિલ્લાના ગરુડેશ્વર ગુમાનભાઈ મનસુખભાઈ તડવી રહે, ઝરીયા, તા. ગરુડેશ્વર ગતરોજ રોડ ઉપરથી ચાલતા આવતા હતા તે વખતે તાલુકા પંચાયતની સામે ક્રિષ્ના હોટલ તરફથી એક અજાણ્યા ઈકો ગાડીના ચાલકે પોતાની ગાડી પુર ઝડપે હંકારી રોડની સાઈડમાં ચાલતા ગુમાનભાઈ સાથે અથાડી એક્સિડન્ટ કરી માથાના ભાગે ગંભીર ઈજા કરતા તેમનું મોત થયું હતું ત્યારબાદ અજાણ્યો વાહન ચાલક નાસી ગયો હતો .

બીજો અકસ્માત ગરુડેશ્વરની કોયારી ચોકડી પાસે બન્યો જેમાં મૂળ કાંચીપુરમના અને હાલ રહે.રીવરડેલ હોટલ, ગભાણા તા. ગરુડેશ્વરના પુગેઝેંધી બાલુ અરસપ્પન અન્ય સાથે પોતાની ઈક્કો ગાડી નં GJE6873ની લઈ હોટલ યુનીટીમાં જમવા માટે ગયેલા અને જમીને કેવડીયાથી ડભોઈ તરફ જતા કોયારી ચોકડી પાસે પોતાની ઈક્કો ગાડી પુર ઝડપે હંકારી ગાડી પલ્ટી ખવડાવી પોતાને તથા અંદર બેઠેલા બીજા લોકોને ગંભીર ઈજા પોહચાડી તથા પોતાની ગાડીનુ નુકશાન કરી પોતાનુ સ્થળ ઉપર મોત નિપજાવી ગુનો કરતા આ બંને બનાવોમાં ગરુડેશ્વર પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી છે.તપાસ ગરુડેશ્વર પીએસઆઈ એમ.બી વસાવા કરી રહ્યા છે.

રાજપીપળા શહેરમાં કારોબારી ચેરમેનની લાલ આંખ બાદ યુદ્ધના ધોરણે સફાઈ

જાણવા મળ્યાં મુજબ કેટલાક સફાઈ કામદારો લગ્નમાં ગયા હોવાથી શહેરમાં ગંદકી હતી પરંતુ કારોબારી ચેરમેન અલ્કેશસિંહ ગોહિલની કડક સૂચના બાદ તમામ કચરાપેટીઓ ખાલી કરાઈ



રાજપીપળા : રાજપીપળા શહેરના અમુક વિસ્તારો ગંદકીથી ખદબદતા હતા જયારે દરબાર રોડ પારેખખડકીમાં ત્રણેક દિવસથી સફાઈ કામદાર ફરક્યા ન હતા કે ડોર ટુ ડોર કચરા વાળી બહેનો પણ નિયમિત આવતી ન હોય આ બાબતનો અહેવાલ જંગ એ ગુજરાત એ પ્રસિદ્ધ કરતા સોસીયલ મીડિયા પર આ અહેવાલને ભારે સમર્થન મળ્યું અને એક બાદ એક અલગ અલગ વિસ્તારની ગંદકીની તસવીરો મૂકી લોકો એ સફાઈ બાબતે પાલિકા તંત્ર ઉદાસીન વલણ અપનાવતું હોવાની કોમેન્ટ કરી બાદમાં પાલિકાના કારોબારી ચેરમેન અલ્કેશસિંહ ગોહિલે આ બાબતે લાલ આંખ કરતા તાત્કાલિક શહેરમાં ઉભરાતી કચરા પેટીઓ ખાલી કરી મોટાભાગના વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સફાઈ શરુ કરાઈ હતી જોકે અમુક ફળિયાઓમાં હજુ સફાઈ કામદારો લગ્નમાં હોવાથી સફાઈ બાકી છે જે શનિવારે થશે એમ જાણવા મળ્યુ હતું.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (૨જી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

લો..બોલો...રાજપીપળામાં તંત્રની આંખે અંધાપો આવ્યો છે કે હમ્પાનું સેટિંગ...?! બે ત્રણ નહીં બલ્કે દસ દસ ઓવરલોડ જીપો...?!





રાજપીપળા સિવિલ અને જેલ પાસે રોજ સાંજે જતા દસથી વધુ ઓવરલોડ પેસેન્જર વાહનો નજર આવતા નથી...?

સાંજે ૫ થી ૬ દરમિયાન દસેક જીપો ઓવરલોડ મુસાફરો ભરી જાય છે એ પણ નેત્રંગ તરફ કે જ્યાં જલેબી જેવા વળાંક વાળા રસ્તા છે. કોણ કોણ હમ્પા ખાઈ છે કેમ ત્યાં કોઈ પોલીસ કે આરટીઓના માણસો નથી એ એક શંકાસ્પદ બાબત છે

રાજપીપળા : નર્મદા જિલ્લામાં દારૂ જુગાર ની બદી દૂર થઈ હોવાની વાત કરતી પોલીસ ભલે આ બાબતે કંઈક અંશે સફળ હશે પરંતુ ક્યાંક ને ક્યાંક હમ્પાની આદતથી ટેવાયેલો અમુક સ્ટાફ ગમે તે માર્ગે હમ્પા મેળવીજ લેતો હોય છે જેનો જીવંત દાખલો રાજપીપળા સિવિલ હોસ્પિટલ પાછળ રોજ જોવા મળે છે

દરરોજ સાંજે ૫ થી ૬ દરમીયાન સિવિલ પાછળથી ઉપડતી નેત્રંગ તરફ જતી દસ જેવી જીપો અંદર મુસાફરો ચિક્કાર થયા બાદ જીપના છાપરે પણ આડેધડ મુસાફરો બેસાડી બિન્દાસ ભરીને બૂમો પાડી જાય છે અને એવું પણ નથી કે ફટાફટ વાહન ઉપડી જાય અડધો કલાક મુસાફરો ભર્યા બાદ આરામ થી આ ગાડીઓ ત્યાંથી ઉપડે છે છતાં તંત્રની આંખે જાણે પાટા બાંધ્યાં હોય એમ ત્યાં કે આગળ આખા રસ્તે કોઈજ રોકટોક વગર આ વાહનો જોખમી રીતે છાપરે મુસાફરો ભરી દોડે છે ત્યારે ગંભીર બાબત એ છે કે નેત્રંગ તરફનો માર્ગ જલેબી જેવા વળાંક અને આજુ બાજુ ઊંડી ખીણો વાળો છે માટે ક્યારેક કોઈ દુર્ઘટના બને તો મુસાફરો સહીત તમામના રામ રમી જાય એમ હોવા છતાં મામૂલી આવક મેળવવા પોતાના અંગત ફાયદા માટે આવા વાહનોને છુટ આપતા તંત્રના કેટલાક લોકો આવી ગંભીર બાબતે કડક પગલાં લે એ જરૂરી છે નહિ તો ક્યારેક મોટી જાનહાની બને એમ લાગી રહ્યું છે .શું નર્મદા જિલ્લામાં આરટીઓ કે પોલીસ આ બાબતે અજાણ છે...? આ સવાલનો જવાબ કદાચ એ લોકો આવોજ આપી શકે પરંતુ તંત્ર બધું જાણતું હોવા છતાં પોતાના અંગત ફાયદા સારું આંખ આડા કાન કરતું જણાય છે ત્યારે જિલ્લા પોલીસ વડા આ બાબતે કડક પગલાં લેશે...?

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement)
અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847